સુવિચાર

જગતમાં માણસ સિવાય જેમ બીજું કોઇ મોટું નથી, તેમ માણસના ચારિત્ર્ય સિવાય બીજું કાંઇપણ મોટું નથી...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



શાપર વેરાવળમાં પરણીતાને ફસાવી શખ્સે દુષ્કર્મ આચર્યુ P-4

Year-16, Issue-297 ■ DATE : 01-04-2026 WEDNESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI



# ટ્રમ્પ ઈરાન સમક્ષ હથીયાર હેઠા મુકશે ?

**મોડી રાત્રે ટ્રમ્પનું રાષ્ટ્રજોગ સંબંધોન : ટ્રમ્પ ઢીલા પડયા હોવાના સંકેત : સર્વેમાં દર ૧૦માંથી ૬ લોકો યુધ્ધને લઈને ટ્રમ્પથી અસહમત : ટ્રમ્પના બદલાતા વલણથી અમેરિકનો મુઝવણમાં**

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ભારતીય સમય મુજબ ૨ એપ્રિલે સવારે રાષ્ટ્રને સંબોધિત કરશે. એવી અપેક્ષા રાખવામાં આવી રહી છે કે અમેરિકન રાષ્ટ્રપતિ ઈરાન યુદ્ધ સમાપ્ત કરવા અંગે કોઈ મોટી જાહેરાત કરી શકે છે. આ અપેક્ષા એટલા માટે વ્યક્ત કરવામાં આવી રહી છે કારણ કે ટ્રમ્પે વારંવાર પોતાના નિવેદનોમાં કહ્યું છે કે અમેરિકાએ પોતાનું લક્ષ્ય હાંસલ કરી લીધું છે અને તેમને હોર્મુઝ સ્ટ્રેટ ખુલ્લો રહે કે બંધ રહે તેનાથી કોઈ ફરક પડતો નથી.

અમેરિકા ટૂંક સમયમાં ઈરાન યુદ્ધ અંગે અંતિમ નિર્ણય લઈ શકે છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ બુધવારે રાત્રે રાષ્ટ્રને સંબોધિત કરવાના અહેવાલ છે. આ સંબોધન એવા સમયે કરવામાં આવ્યું છે જ્યારે ટ્રમ્પે પહેલાથી જ અઠવાડિયામાં ઈરાનમાંથી પાછા ફરવાની પ્રતિજ્ઞા લીધી છે. હજારો મરીન સૈનિકોને પણ તૈનાત કરવામાં આવે તેવી અપેક્ષા છે. યુદ્ધ ૨૮ ફેબ્રુઆરીથી શરૂ થયું હતું.

વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે લખ્યું, કાલે રાત્રે ૯ વાગ્યે, રાષ્ટ્રપતિ ટ્રમ્પ ઈરાન પર મહત્વપૂર્ણ અપડેટ આપવા માટે રાષ્ટ્રને સંબોધિત કરશે. જોકે, તેમણે સ્પષ્ટ કર્યું નથી કે અમેરિકા હવે ઈરાન યુદ્ધ સમાપ્ત કરવાની તૈયારી કરી રહ્યું છે કે સંઘર્ષને વધારવાની તૈયારી કરી રહ્યું છે.

રાષ્ટ્રપતિ ટ્રમ્પના બદલાતા વલણથી અમેરિકનો મૂંઝવણમાં છે - ઈરાન યુદ્ધમાં નાટો સાથીઓ પાસેથી મદદ માંગવી, તેમને જરૂર નથી તેવું જાહેર કરવું, તેહરાનના ઉર્જા માળખાને નષ્ટ કરવાની ધમકી આપવી, અને પછી લગભગ રાતોરાત આવા હુમલાઓ સ્થગિત કરવા. ઈરાન યુદ્ધ પર તેમના સતત બદલાતા વલણ માટે ટ્રમ્પને સોશિયલ મીડિયા પર પણ ટીકાનો સામનો કરવો પડી રહ્યો છે.

પ્યુ રિસર્ચ દ્વારા હાથ ધરાયેલા એક સર્વેમાં જાણવા મળ્યું છે કે લગભગ દસમાંથી છ અમેરિકનો, અથવા ૬૧ ટકા, ઈરાન સાથેના યુદ્ધ અંગે ટ્રમ્પના વલણ સાથે અસંમત છે. સર્વેમાં એ પણ બહાર આવ્યું છે કે ૩૭ ટકા લોકો યુદ્ધની તરફેણ કરે છે.

જ્યારે ટ્રમ્પને વ્હાઈટ હાઉસમાં વધતા ઈંધણના ભાવ અંગે પ્રશ્ન કરવામાં આવ્યો, ત્યારે તેમણે કહ્યું, મારે ફક્ત ઈરાન છોડવાનું છે, અને અમે તે ખૂબ જ ઝડપથી કરીશું, અને કિંમતો તૂટી પડશે. તેમણે ઉમેર્યું, અમે કામ પૂર્ણ કરી રહ્યા છીએ, અને મને લાગે છે કે તે પૂર્ણ થવામાં બે અઠવાડિયા કે તેથી વધુ સમય લાગશે.

૨૮ ફેબ્રુઆરીએ, યુનાઈટેડ સ્ટેટ્સે, ઈઝરાયલ સાથે મળીને, ઈરાન સામે યુદ્ધ શરૂ કર્યું. હવે, જ્યારે ટ્રમ્પનું વલણ બદલાઈ રહ્યું છે, ત્યારે વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ સ્પષ્ટ કર્યું છે કે ઈરાન સામે ઝુંબેશ હજુ પૂરી થઈ નથી. તેમણે કહ્યું, યુનાઈટેડ સ્ટેટ્સ સાથે સંયુક્ત કાર્યવાહીના એક મહિનાની અંદર, અમે 'અમેરિકા મુરબ્બો, ઈઝરાયલ મુરબ્બો' ના નારા લગાવતા આતંકવાદી શાસનને કચડી નાખીશું. તેમણે ઉમેર્યું, આ કાર્યવાહી હજુ પૂરી થઈ નથી, અને અમે શાસનના મૂળિયાં હચમચાવી દીધા છે; વહેલા કે મોડા, તે તૂટી પડશે.

ઈરાને મંગળવારે તેની યોજના જાહેર કરતા કહ્યું કે જો ઈરાની પ્રદેશ પર કોઈની હત્યા કરવામાં આવશે તો તે પમિ એશિયામાં ૧૮ કંપનીઓના ઠેકાણાઓ પર હુમલો કરશે. આ માહિતી ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ દ્વારા આપવામાં આવી હતી. એ જણાવ્યું હતું કે, ઈરાનમાં થતી દરેક હત્યાના જવાબમાં આ કંપનીઓએ ૧ એપ્રિલના રોજ સ્થાનિક સમય મુજબ રાત્રે ૮ વાગ્યાથી તેમના સંબંધિત ઠેકાણાઓના વિનાશ માટે તૈયાર રહેવું જોઈએ.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૬૭/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૩૬/લીટર |
| CNG | રૂ. ૮૦.૨૬/કિલો |






| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૫૧,૫૩૦ | ₹૨,૫૫,૦૦૦ |
| | +૧,૯૭૦ | +૫,૦૦૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૩.૭૧ | ₹૧૨૪.૦૬ |

## જમીની હુમલાની ભૂલ અમેરિકાને ભારે પડશે : ઈરાનની ચેતવણી

### ૬ મહિના સુધી યુદ્ધ માટે તૈયાર; દેશ માટે કોઈપણ હદ સુધી જઈશું

**મુખ્ય સમાચાર, તહેરાન**

ઈરાને અમેરિકાને ચેતવણી આપી છે કે જો તેણે જમીની હુમલો કરવાની ભૂલ કરી તો તેને ભારે નુકસાન ભોગવવું પડશે. વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ કહ્યું કે જરૂર પડ્યે દેશ ૬ મહિના સુધી યુદ્ધ ચાલુ રાખી શકે છે.

અરાઘચીએ કહ્યું છે કે જો જમીની હુમલો થશે તો ઈરાન સંપૂર્ણપણે તૈયાર છે. તેમણે કહ્યું, ''અમે તેમની રાહ જોઈ રહ્યા છીએ.'' જોકે, તેમણે સ્પષ્ટ કર્યું કે ઈરાન પોતે જમીની યુદ્ધ નથી ઈચ્છતું, પરંતુ જો આવું થયું તો તે તેનો જવાબ આપવા સક્ષમ છે.

અરાઘચીએ કહ્યું કે ઈરાન પરિસ્થિતિ અનુસાર સંઘર્ષ ચાલુ રાખશે. તેમણે કહ્યું કે દેશની સુરક્ષા સર્વોપરી છે, તેના માટે ઈરાન કોઈપણ હદ સુધી જઈ શકે છે.તે જ સમયે, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે ઈરાન સાથે ચાલી રહેલું યુદ્ધ આગામી ૨ થી ૩ અઠવાડિયામાં સમાપ્ત થઈ શકે છે. તેમણે દાવો કર્યો કે અમેરિકાએ પોતાનું લક્ષ્ય હાંસલ કરી લીધું છે અને ઓપરેશન અંતિમ તબક્કામાં છે.

યુનાઈટેડ નેશન ડેવલપમેન્ટ પ્રોગ્રામએ કહ્યું છે કે મધ્ય પૂર્વમાં ચાલી રહેલું યુદ્ધ સમગ્ર વિસ્તારની અર્થવ્યવસ્થાને ખૂબ મોટું નુકસાન પહોંચાડી શકે છે. તેમના રિપોર્ટ મુજબ આ સંઘર્ષ હવે માત્ર કેટલાક દેશો પૂરતો સીમિત રહ્યો નથી, પરંતુ સમગ્ર ક્ષેત્ર માટે મોટું સંકટ બની ગયો છે.

## ગુજરાતમાં મીની ધારાસભા ગણાતી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીની કોઈપણ ક્ષણે જાહેરાત

### બે તબકકામાં ચુંટણીઓ યોજાય તેવા સંકેત : મે ના પ્રથમ સપ્તાહમાં પરિણામ : રાજકીય પક્ષો સજજ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતમાં ૨૦૨૨ બાદના રાજયમાં છેક ગ્રામીણ સ્તર સુધીના મતદારો સુધીની મીની ધારાસભા ગણાતી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણીની હવે ગમે તે ઘડીએ અને સંભવત આવતીકાલે જાહેર થશે અને તે સાથે જ રાજયો લગભગ ૩૫થી૪૦ દિવસ લાંબી ચુંટણી આચાર સંહિતા અમલી બની જશે. રાજયમાં હાલની છ ઉપરાંત નવી ૯ એમ ૧૫ મહાપાલિકા ૮૪ નગરપાલીકા ૩૧ જીલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતમાં રાજયભરની સરની પ્રક્રિયા બાદની જે નવી મતદાર યાદી ચુંટણી પંચ દ્વારા તૈયાર થઈ છે તેની આજે આખરી પ્રસિદ્ધિ થશે જેના આધારે આગામી ચુંટણી લડાશે.

રાજયમાં આ ચુંટણી હવે એમ બે તબકકામાં- મહાપાલિકાની પ્રથમ અને બાદમાં જીલ્લા-તાલુકા પંચાયત- નગરપાલિકાની એમ યોજાય તેવા સંકેત છે અને પુરી પ્રક્રિયા આ માસમાં પુરી કરવા અથવા મે માસના પ્રથમ સપ્તાહમાં પરિણામ સહિતની પ્રક્રિયા પુરી થાય તે નિશ્ચિત કરશે.

દેશમાં હાલ પાંચ રાજયોની ધારાસભા ચુંટણીઓ પણ યોજાઈ રહી છે તો રાજયમાં ઉમરેઠ ધારાસભા બેઠકની પેટાચુંટણી પણ યોજાઈ રહી છે તેનું મતદાન પણ નવા ચુંટણી કાર્યક્રમ સાથે જાહેર થશે.

રાજયમાં ગઈકાલે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનો સતાવાર પ્રવાસ પુરો થયો છે અને ભાજપે આજથી રાજયમાં ઉમેદવારો માટેની સેન્સ પ્રક્રિયા પણ શરૂ કરી છે જે બે દિવસ ચાલશે અને તે બાદ તખ્તો ગાંધીનગર ફેરવાશે જેમાં પક્ષની ચુંટણી સમીતી એક બાદ એક મહાપાલિકા સહિતની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચુંટણીઓના ઉમેદવારો કલીયર કરતા જશે અને આ માસમાં તા.૧૦ સુધીમાં ફોર્મ ભરવાની પ્રક્રિયા પુરી કરાશે.

જે બાદ એપ્રિલને તડકા, છાયા અને સંભવિત માવઠા જેવા વાતાવરણમાં ચુંટણી યોજાશે. જો કે આ ચુંટણીમાં ભાગ્યે જ કોઈ મુદા છે. ગલ્ફ યુદ્ધ, વધતી મોંઘવારી, કાયદો-વ્યવસ્થાની સ્થિતિ વિ. મુદાઓ તથા ભ્રષ્ટાચાર ૩૦ વર્ષથી શાસન છતા હજુ રોડ-રસ્તાની બેહાલી જેવા મુદાઓ વિપક્ષ ઉપાડશે તે કેટલી હદ સુધી અસર કરે છે તેના પર નજર છે.

તો ભાજપ ત્રિપલ એન્જીન સરકાર કેન્દ્ર-રાજય અને સ્થાનિક સ્તરે પણ ભાજપના શાસનની વિકાસ-સ્થિરતા જેવા મુદાઓ આગળ ધરશે. કોંગ્રેસ તથા આમ આદમી પાર્ટી અલગથી ચુંટણી લડશે તેવી ત્રિપાંખીયા જંગની તૈયારી વચ્ચે મતદારો નિરસ અને ચિંતાગ્રસ્ત છે.

તેઓ કેટલો ઉત્સાહ દર્શાવશે તે પણ પ્રશ્ન છે. વેકેશન, તડકો, ધંધા રોજગારની વધતી ચિંતા પણ મતદાન પર અસર કરશે. મોરબીથી સુરત સુધી જે રીતે ઔદ્યોગીક લોકડાઉનની હાલત છે તે પણ એક ફેકટર બનશે.

## શેરબજારમાં ૨૦૦૦ પોઈન્ટનો ઉછાળો




મધ્ય પૂર્વના યુધ્ધનો ટુંકાગાળામાં ઉકેલ આવી જવાના અને બે-ત્રણ સપ્તાહમાં અમેરિકા તેમાંથી નિકળી જવાની ડોનાલ્ડ ટ્રમ્પની જાહેરાતથી શેરબજારમાં આજે જોરદાર ઉછાળો નોંધાયો હતો. સેન્સેક્સમાં ૨૦૦૦ પોઈન્ટની તેજી થઇ હતી. તમામ ક્ષેત્રોના શેરોમાં ઓલરાઉન્ડ લેવાલી તથા વેચાણ કાપણીથી ઉછાળો હતો. યુધ્ધનો અંત હવે નજીક હોવાના સંકેતોથી અમેરિકા સહિતના યુરોપીયન બજારો તથા એશિયાઇ માર્કેટોમાં તેજીની અસરે ભારતીય માર્કેટ પણ ગેપઅપ ખુલ્યું હતું અને મોટાભાગના શેરો ઉછળતા રહ્યા હતા. મુંબઇ શેરબજારનો સેન્સેક્સ ૨૦૧૭ પોઈન્ટના ઉછાળાથી ૭૩૯૬૪ થઇને ૭૩૭૯૨ સાંપડ્યો હતો. નિફ્ટી ૫૬૫ પોઈન્ટના ઉછાળાથી ૨૨૮૯૬ હતો તે ઉંચામાં ૨૨૯૪૧ હતો.

## હવે સમય પહેલા લોન ચુકવનાર ગ્રાહકને કોઈપણ પ્રકારનો ચાર્જ ચૂકવવો નહીં પડે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

નવા નાણાંકીય વર્ષમાં આરબીઆઇએ લોન અને બેન્કીંગ સિસ્ટમમાં અનેક જરૂરી ફેરફાર લાગુ કર્યા છે. જે અંતર્ગત હવે સમય પહેલા લોન ચુકવનારા ગ્રાહકોને કોઇ પણ પ્રકારનો ચાર્જ ચૂકવવો નહીં પડે.

આ જોગવાઇ ૧-જાન્યુઆરી-૨૦૨૬થી સ્વીકૃત કે રિન્યુ કરવામાં આવેલ ફ્લોટીંગ દરવાળી લોન પર લાગુ થશે. તેમાં આવાસ, વાહન, વ્યક્તિગત અને શિક્ષણ લોન સામેલ છે. અત્યાર સુધી બેન્ક અને નાણાંકીય સંસ્થાન સમયથી પહેલા લોન ચૂકવવા પર કુલ બાકી રકમના ૨ થી ૫ ટકા દંડ લગાવતા હતા.

દાખલા તરીકે જો કોઇ ગ્રાહકની ૧૦ લાખ રૂપિયાની લોન બાકી છે અને તે તેને લમ્પસમ પેમેન્ટથી જલદી ચૂકવવા માંગે છે. તો પાંચ ટકાના હિસાબે ૫૦ હજાર રૂપિયા




તેને વધારાના ચૂકવવા પડે. નવા ફેરફારથી ગ્રાહકોને વધુ લચિલાપન મળશે અને તે વ્યાજનો બોજ ઘટાડી શકશે.

આ ઉપરાંત સૌથી મોટો ફેરફાર ક્રેડીટ સ્કોરને લઇને કરાયો છે. હવે ગ્રાહકોનો સિબિલ સ્કોર દર મહિને માત્ર એકવાર નહીં, બલ્કે દર ૭ દિવસે અપડેટ થશે. આ પ્રક્રિયા મહિનાની ૭, ૧૪, ૨૧ અને ૨૮ તારીખે પૂરી થશે.

આ ફેરફારથી જે લોકો પોતાનો સ્કોર સુધારવાની કોશિષ કરી રહ્યા છે તેમને જલ્દી પરિણામ જોવા મળશે, જો કે પેમેન્ટમાં વિલંબ કે ચૂકની જાણકારી પણ એટલી જ ઝડપથી નોંધાશે, જેથી ઝડપથી સ્કોર ઘટી શકે છે.

## એપ્રીલ માસની શરૂઆત સાથે જ હવાઈ મુસાફરી મોંઘી બની

### વિમાનના ઇંધણના ભાવમાં ૧૦૦ ટકાનો જંગી વધારો ઝીંકવામાં આવ્યો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

એપ્રિલ મહિનાની શરૂઆત સાથે જ હવાઈ મુસાફરી કરતા મુસાફરોને મોંઘવારીનો મોટો ઝટકો લાગ્યો છે. ૧ એપ્રિલ, ૨૦૨૬થી એર ટર્બાઇન ફ્યુલ() એટલે કે વિમાનના ઇંધણના ભાવમાં ૧૦૦ ટકાનો જંગી વધારો ઝીંકવામાં આવ્યો છે. ઇતિહાસમાં પ્રથમ વખત ની કિંમત પ્રતિ કિલોલીટર ૨ લાખ રૂપિયાના સ્તરને પાર કરી ગઈ છે. દિલ્હીમાં જેટ ફ્યુલનો ભાવ જે ૧ માર્ચે ૯૬,૬૩૮ રૂપિયા હતો, તે હવે વધીને રેકોર્ડબ્રેક ૨.૦૭ લાખ રૂપિયા પ્રતિ કિલોલીટર થઈ ગયો છે.

આ ભાવવધારા પાછળ મુખ્યત્વે અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલું યુદ્ધ અને તેના કારણે વ્યૂહાત્મક રીતે મહત્ત્વની ગણાતી હોર્મુઝ સ્ટ્રેટ



બંધ હોવાને જવાબદાર માનવામાં આવે છે. વિશ્વના કુલ ઓઇલ વપરાશનો ૨૦થી ૨૫ ટકા હિસ્સો આ દરિયાઈ માર્ગે પસાર થાય છે, જે બંધ થવાથી વૈશ્વિક સ્તરે ઊર્જા સંકટ ઘેરાયું છે. એરલાઇન્સ કંપનીઓના કુલ સંચાલન ખર્ચમાં ૪૦ ટકા હિસ્સો માત્ર ઇંધણનો હોય છે, તેથી ઇંધણના ભાવ બમણા થવાથી આગામી દિવસોમાં વિમાની ટિકિટના ભાવમાં તોતિંગ વધારો થવાની પૂરેપૂરી શક્યતા છે.

કેન્દ્રીય પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયે આ અંગે સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે, આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવ વધવાને કારણે આ વધારો અનિવાર્ય બન્યો છે. જોકે, સ્થાનિક હવાઈ મુસાફરોને મોટી રાહત આપતા સરકારે જણાવ્યું છે કે, ડોમેસ્ટિક રૂટ પર એરલાઇન્સ પર માત્ર ૨૫ ટકા જેટલો જ આંશિક ભાવવધારો લાદવામાં આવ્યો છે, જેથી સામાન્ય નાગરિકો પર વધુ બોજ ન પડે. પરંતુ, આંતરરાષ્ટ્રીય રૂટ પર મુસાફરી કરતા લોકોએ ATFના પૂરેપૂરા વધેલા ભાવ ચૂકવવા પડશે, જેની સીધી અસર વિદેશી પ્રવાસના બજેટ પર પડશે.

## જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં એક આતંકી ઠાર

**મુખ્ય સમાચાર, ગાંદરબલ**

જિલ્લાના અરહામા જંગ વિસ્તારમાં મંગળવારે મોડી સાંજે સુરક્ષા દળો અને આતંકીઓ વચ્ચે અથડામણ થઈ હતી. અનેક કલાકોની ભીષણ અથડામણ બાદ સુરક્ષા દળોએ એક આતંકીઓને ઠાર કરી દીધો હતો.

મંગળવારે સાંજે વિસ્તારમાં આતંકીઓ હોવાની સૂચના મળતા સુરક્ષાદળોએ મોટા પ્રમાણમાં તલાશી અભિયાન ચલાવ્યું હતું. આ દરમિયાન સુરક્ષાદળો અને આતંકીઓ સામ-સામા આવી ગયા હતા.

સુરક્ષાદળોએ આતંકીઓને લલકાર્યા હતા. જેના જવાબમાં આતંકીઓએ જવાનો પર ફાયરીંગ કર્યું હતું અને ભાગવાની કોશિશ કરી હતી. દરમિયાન સુરક્ષાદળોના ફાયરીંગમાં એક આતંકી ઠાર થયો હતો.

આ ઓપરેશન જમ્મુ-કાશ્મીર પોલીસ, સ્પેશ્યલ



ઓપરેશન ગ્રુપ (એસઓજી) ગાંદરબલ અને સેનાજી ૨ આસામ રાયફલ્સમાં જવાનોએ પાર પાડયું હતું.

## મોંઘવારીનો બોમ્બ ફૂટ્યો : કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં રૂ.૧૯૫નો તોતિંગ વધારો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વૈશ્વિક ઉર્જા સંકટ અને મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા જંગને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં તેલની કિંમતોમાં ૫૦% જેટલો ઉછાળો આવ્યો છે. તેની સીધી અસર હેઠળ ભારતમાં સરકારી તેલ કંપનીઓએ કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો કર્યો છે. ઈન્ડિયન ઓઈલ, ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ જેવી કંપનીઓએ આંતરરાષ્ટ્રીય બેન્ચમાર્ક અને એક્સચેન્જ રેટના આધારે આ નવા ભાવો લાગુ કર્યા છે.

સરકારી તેલ કંપનીઓના જણાવ્યા અનુસાર, દિલ્હીમાં હવે



૧૯ kg વાળા કોમર્શિયલ LPG સિલિન્ડરની કિંમત ૧૯૫.૫ રૂપિયા વધીને ૨,૦૭૮.૫૦ રૂપિયા થઈ ગઈ છે. અગાઉ ૧ માર્ચના રોજ આ સિલિન્ડરમાં ૧૧૪.૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો.

જોકે, સામાન્ય જનતા માટે રાહતના સમાચાર એ છે કે ઘરેલું કુકિંગ ગેસના ભાવમાં અત્યારે કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. દિલ્હીમાં ૧૪.૨ kg ના ઘરેલું સિલિન્ડરની કિંમત ૯૧૩ રૂપિયા યથાવત છે. છેલ્લે ૭ માર્ચના રોજ ઘરેલું સિલિન્ડરમાં ૬૦ રૂપિયાનો વધારો જોવા મળ્યો હતો. મિડલ ઈસ્ટ યુદ્ધને કારણે સપ્લાય ચેઈનમાં અવરોધ આવતા દિલ્હીમાં કોમર્શિયલ ગેસ સપ્લાય પર ૨૦% કેપ (મર્યાદા) પણ લાદવામાં આવી છે.

ગેસના ભાવમાં વધારા વચ્ચે પેટ્રોલ અને ડીઝલના ભાવ હાલ સ્થિર જોવા મળી રહ્યા છે. ગયા વર્ષે માર્ચમાં પ્રતિ લિટર ૨ રૂપિયાના ઘટાડા બાદ કિંમતોમાં કોઈ મોટો ફેરફાર થયો નથી. અત્યારે દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૯૪.૭૨ રૂપિયા પ્રતિ લિટર અને ડીઝલની કિંમત ૮૭.૬૨ રૂપિયા પ્રતિ લિટર છે.

પશ્ચિમ એશિયામાં તણાવને કારણે હોર્મુઝની ખાડી ઓળંગીને ભારત પહોંચેલા LPG ટેન્કરોથી હાલ પુરવઠો જાળવી રાખવાનો પ્રયાસ થઈ રહ્યો છે, પરંતુ જો યુદ્ધ લાંબુ ચાલશે તો આગામી સમયમાં પેટ્રોલિયમ પેદાશોના ભાવમાં હજુ પણ વધારો થવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

**જામનગરને મળ્યો પ્રગતિનો નવો ટ્રેક**

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રૂ.૨૫૭ કરોડના ખર્ચે કાનાલુસ-જામનગર રેલ ખંડ ડબલિંગ'' પરિયોજનાનું ઈ-લોકાર્પણ કર્યું





**મુખ્ય સમાચાર, જામનગર**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની મુલાકાતે છે ત્યારે તેઓએ વાવ-થરાદ ખાતેથી ૧૯,૮૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોની ભેંટ રાષ્ટ્રને સમર્પિત કરી હતી. જે પૈકી રૂ.૯૦૦ કરોડના ખર્ચે રેલવે પ્રકલ્પોનું લોકાર્પણ કર્યું હતું. જેમાંથી રૂ.૨૫૭ કરોડના ખર્ચે ૨૭ કિલોમીટરની કાનાલુસ-જામનગર રેલખંડ ડબલિંગ પરિયોજનાનું ઈ-લોકાર્પણ કર્યું હતું. જેના ભાગરૂપે જામનગર રેલવે સ્ટેશન ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં સાંસદએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કાનાલુસ.જામનગર રેલખંડ ડબલિંગ પ્રોજેક્ટ સહિત રેલવેના અન્ય પ્રકલ્પોનું લોકાર્પણ કરીને ગુજરાત સહિત દેશના રેલવે માળખાકીય વિકાસને નવી ગતિ આપી છે.જે જામનગર માટે પણ ગૌરવની વાત છે.કાનાલુસ.જામનગર રેલવે ટ્રેક ડબલિંગ થવાથી ટ્રેનોની અવરજવર વધુ સુગમ બનશે, મુસાફરોને સમયસર અને સુરક્ષિત મુસાફરીની સુવિધા મળશે તેમજ ઔદ્યોગિક વિકાસને પણ પ્રોત્સાહન મળશે. વડાપ્રધાનના દુરંદેશી નેતૃત્વ હેઠળ દેશના દરેક ખૂણે વિકાસના કાર્યો ઝડપથી આગળ વધી રહ્યા છે.કનેક્ટિવિટી મજબૂત હોય તો છેવાડાના વિસ્તાર સુધી વિકાસ શક્ય છે.ડબલિંગ લાઈન માત્ર એક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ નથી, પરંતુ વિકાસ, ઝડપી પરિવહન અને નવી તકોનું પ્રતિક છે.કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવો અને લોકોએ વાવ-થરાદ ખાતેના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.કાર્યક્રમમાં ધારાસભ્યો મેઘજીભાઈ ચાવડા, દિવ્યેશભાઈ અકબરી, રાજકોટ ડિવિઝનના ડીઆરએમ ગિરિરાજ મીના, અગ્રણીઓ બીનાબેન કોઠારી અને ડો.વિનોદભાઈ ભંડેરી, ફેક્ટરી ઓનર્સ એસોસિએશનના પ્રમુખઓ, મહામંત્રીઓ, રાજકોટ ડિવિઝન તથા જામનગર રેલવે વિભાગના અધિકારીઓ, આગેવાનો, વિદ્યાર્થીઓ તથા લોકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ પ્રાદેશિક માહિતી કચેરીનાં કચેરી અધિક્ષક બી.એલ.જાદવ સેવા નિવૃત થયાં



**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

સંયુક્ત માહિતી નિયામક એમ.ડી.મોડાસિયા,નાયબ માહિતી નિયામક એન.એમ.મહેતા તેમજ સ્ટાફગણ દ્વારા ભુપતસિંહ જાદવને નિવૃત્તિની શુભકામના પાઠવવામાં આવી હતી. પ્રાદેશિક માહિતી કચેરી જૂનાગઢ ખાતે ફરજ બજાવતા કચેરી અધિક્ષક બી. એલ.જાદવ લાંબી સેવા બાદ આજે વય નિવૃત્ત થતાં તેમને પ્રાદેશિક માહિતી કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓએ નિવૃત્તિની શુભકામના પાઠવી વિદાય આપી હતી. પ્રાદેશિક માહિતી કચેરીનાં અધિક્ષક ભુપતસિંહ જાદવ સરકારી સેવાકાળ દરમિયાન કુલ ૩૭ વર્ષ સુધી નિષ્ઠાપૂર્વક અને જવાબદારીપૂર્વક કામગીરી નિભાવેલી છે.બી.એલ.જાદવ છેલ્લા ૩ વર્ષથી પ્રાદેશિક માહિતી કચેરી જૂનાગઢ ખાતે કચેરી અધિક્ષક તરીકે ફરજ બજાવતા હતા.તેમની કાર્યશૈલી, શિસ્તબદ્ધતા અને સમર્પણભાવને કારણે કચેરીમાં તેમજ સહકર્મચારીઓમાં વિશેષ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ભુપતસિંહ જાદવે તાજેતરમાં ભવનાથના શિવરાત્રીનાં મેળામાં નાયબ માહિતી નિયામકનાં માર્ગદર્શનમાં મિડિયા વાહન વ્યવસ્થાનું સુંદર સંકલન કર્યું હતું.

સેવા નિવૃત્તિના આ પ્રસંગે કચેરીના બી.એલ.જાદવને સંયુક્ત માહિતી નિયામક એમ.ડી.મોડાસિયા અને નાયબ માહિતી નિયામક એન.એમ.મહેતાએ બી.એલ જાદવને શ્રીફળ અને સાકરનો પડો તેમજ શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યાં હતાં અને તેમની આવનારી જીવનયાત્રા માટે હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં સંયુક્ત માહિતી નિયામક એમ.ડી.મોડાસિયા તથા નાયબ માહિતી નિયામક એન.એમ.મહેતા, સહાયક અધિક્ષક બી.એચ.વિંઝુડા, જુનિયર ક્લાર્ક તુષારદાન ગઢવી અને રાજેશભાઈ ત્રિવેદી, રૂકશાનાબેન કુરેશી, સી.એ.પટેલ, હિરેનકુમાર અમરેલીયા આર.એલ હેરભા, ભાવીર સોલંકી, એજાજ અબડા, તેમજ નિવૃત સહાયક અધિક્ષક એ.એન.શેખએ બી.એલ.જાદવની સેવા, નિષ્ઠા અને કાર્યપ્રત્યેના ભાવને શબ્દોની ફોરમથી બિરદાવ્યા હતાં તેમજ તેમના સ્વસ્થ અને સુખમય જીવન માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.આ તકે બી એલ જાદવએ પોતાની ફરજ પરના યાદગાર દિવસોને વાગોળ્યા હતા અને ભાવુક થઈ સર્વે સ્ટાફ ગણનો આભાર વ્યક્ત કર્યો હતો.

# મોરબીમાં યંગ ઈન્ડિયા ગ્રૂપ દ્વારા નિ:શુલ્ક RTE ફોર્મ ભરવાની સેવા શરૂ

**વર્ષ ૨૦૨૬-૨૭ માટે ધોરણ-૧ માં ખાનગી શાળામાં મફત પ્રવેશની પ્રક્રિયા અંતર્ગત જરૂરિયાતમંદ વાલીઓને વિનામૂલ્યે માર્ગદર્શન અને ફોર્મ ભરી આપવાની પ્રશંસનીય પહેલ**




**મુખ્ય સમાચાર, મોરબી**

સમાજના ગરીબ, વંચિત અને જરૂરિયાતમંદ બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રાપ્ત થાય તે હેતુસર યંગ ઈન્ડિયા ગ્રૂપ-મોરબી દ્વારા એક સરાહનીય પહેલ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૬-૨૭ માટે ગુજરાત સરકાર દ્વારા રાઈટ ટુ એજ્યુકેશન અધિનિયમ હેઠળ ધોરણ-૧ માં ખાનગી શાળાઓમાં મફત પ્રવેશ માટેની ઓનલાઈન પ્રક્રિયા શરૂ થઈ છે. આ પ્રક્રિયામાં પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓના ફોર્મ યંગ ઈન્ડિયા ગ્રૂપ દ્વારા વિનામૂલ્યે ભરી આપવામાં આવશે.

આર.ટી.ઈ. યોજના હેઠળ આર્થિક રીતે નબળા વર્ગના બાળકોને ખાનગી શાળામાં મફત શિક્ષણ મેળવવાની ઉત્તમ તક મળે છે. આ સાથે જ યુનિફોર્મ, પુસ્તકો અને સ્કૂલબેગ જેવા ખર્ચનો ભાર હળવો કરવા માટે સરકાર દ્વારા સહાયરૂપ રકમ સીધી બાળકના બેંક ખાતામાં જમા કરવામાં આવે છે. આ લાભ મેળવવા ઈચ્છતા વાલીઓએ ફોર્મ ભરવા માટે જરૂરી અસલ દસ્તાવેજો સાથે લઈને આવવું ફરજિયાત છે. જેમાં વિદ્યાર્થીનો પાસપોર્ટ સાઈઝ ફોટો, જન્મનો દાખલો, વિદ્યાર્થી અને વાલીનું આધાર કાર્ડ, રહેઠાણનો પુરાવો (આધાર કાર્ડ, લાઈટબીલ અથવા રેશન કાર્ડ), વાલીનું જાતિ પ્રમાણપત્ર, મામલતદાર દ્વારા કઢાવેલો આવકનો દાખલો (રૂ.૬ લાખ સુધીની મર્યાદામાં), પાન કાર્ડ, આવક અંગેનું એકરારનામું, ચૂંટણી કાર્ડ અને બેંક ખાતાની પાસબુક (બાળક અથવા વાલીની) નો સમાવેશ થાય છે. વિશેષ કેટેગરીમાં આવતા લોકોએ સરકારની અગ્રીમતા મુજબ વધારાના દસ્તાવેજો લાવવાના રહેશે.

વાલીઓ માટે ફોર્મ ભરવાની કામગીરી ૪ એપ્રિલ ૨૦૨૬થી ૧૭ એપ્રિલ સુધી ચાલશે. ફોર્મ ભરાવવા માટે વાલીઓએ ડી.આર. સિક્યોરિટી લવકુશ કોમ્પલેક્ષ બેલ પિયાટોઝની બાજુમાં રવાપર રોડ મોરબી ખાતે રાત્રે ૮.૩૦ થી ૧૦.૩૦ કલાક દરમિયાન સંપર્ક કરવાનો રહેશે. રૂબરૂ આવતા પહેલા દિલીપ દલસાણીયાનો તેમના મોબાઈલ નંબર ૮૦૦૦૮ ૨૭૫૭૭ ઉપર કોલ કરીને સમય મેળવી લેવો ફરજિયાત છે.

આ નિ:શુલ્ક સેવા અંગે યંગ ઈન્ડિયા ગ્રૂપના સ્થાપક ડૉ. દેવેન રબારીએ જણાવ્યું હતું કે, શિક્ષણ એ દરેક બાળકનો અધિકાર છે અને કોઈપણ પરિસ્થિતિ તેને અટકાવી શકતી નથી. યંગ ઈન્ડિયા ગ્રૂપ હંમેશાં સમાજના છેલ્લા માણસ સુધી તક પહોંચાડવાના સંકલ્પ સાથે કાર્યરત છે. આર.ટી.ઈ. માત્ર સરકારની યોજના નથી, પરંતુ સમાજને આગળ વધારવાનો એક મજબૂત આધાર છે. આવો, દરેક જરૂરિયાતમંદ બાળકને શિક્ષણનો અધિકાર અપાવીએ. યંગ ઈન્ડિયા ગ્રૂપની આ સેવાકીય પહેલ શિક્ષણ ક્ષેત્રે સમાનતા સ્થાપિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

# પાણાખાણમાં ગંજીપાનાથી જુગાર રમતા ચાર ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના બેડી નજીકના ગરીબનગર પાણાખાણમાં ગંજીપાનાથી જુગાર રમતા ચાર શખ્સ પોલીસના દરોડામાં પકડાયા છે.જામનગરના ગરીબનગર પાણાખાણ વિસ્તારમાં જુગાર રમાતો હોવાની બાતમી પરથી સિટી બી ડિવિઝનના સ્ટાફે એક વાગ્યે ત્યાં દરોડો પાડ્યો હતો. એક ઓઈલ મીલ પાસે જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમતા સમીર સાદીક બાબવાણી, હુસેન ઈશાભાઈ પતરા, રમઝાન ઓસમાણ સફીયા, તોયુમ સાદીક બાબવાણી નામના ચાર શખ્સ ઝડપાઈ ગયા હતા. પટમાંથી રૂ.૧૦૮૦ રોકડા અને ગંજીપાના કબજે કરવામાં આવ્યા છે.

# ઉનામા માધવબાગ વાડી ખાતે ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના અધ્યક્ષસ્થાને કૉળી સમાજની બેઠક મળી

**શિક્ષણ નોં વ્યાપ વધારવા અનેં વ્યસન મુક્તિ માટેં ખાસ અપીલ કરી**



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના શહેર-તાલુકા તથા ગીરગઢડા તાલુકાના સમસ્ત કૉળી સમાજ ની ઍક અગત્યની મીટીંગ આયોજન કરવામાં આવ્યુંજેમાં ધારાસભ્ય કાળુભાઈ રાઠૉડ ના અધ્યક્ષ સ્થાને મળેલી હતી.જૅમા કૉળી સમાજનાં આગવાનોં ઍ સમાજ માં શિક્ષણ નોં વ્યાપ વધારવા અનેં વ્યસન મુક્તિ માટેં ખાસ અપીલ કરી હતી. અનેં સમાજ નેં વધું સંગઠીત થવા હાકલ કરી હતી.આ તકેં ધારાસભ્ય તૅમના વક્તવ્ય માં સમાજનેં રાજકીય રીતે આગળ આવવા અનેં ખર્ચાળ લગ્નોં નેં ત્યજી નેં સમુહલગ્ન જૅવા આયૉજન માં જ દિકરા દિકરીઓને પરણાવવા માટે ખાસ હાકલ કરી હતી. તૅમણેં પૉતાના ૨૮ વર્ષેનાં જાહેર જીવન નોં ઉલ્લેખ કરી નેં પૉતેં કૉળી સમાજ માટે આજેં પણ સક્રિય હૉવાની વાત ઉચ્ચારી હતી. આ મીટીંગ માં જીલ્લા ભાજપ પૂર્વ ઉપપ્રમુખ રાજુભાઈ ડાભી, જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ હરીભાઈ સોલંકી, જીલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના મહામંત્રી વિનોદભાઈ બાંભણીયા, જીલ્લા પંચાયત સિંચાઈ સમિતિના ચેરમેન લખમણભાઈ બાંભણીયા, જીલ્લા પંચાયતના પૂર્વ સદસ્યશ્રી ધીરુભાઈ મકવાણા, અલ્પેશભાઈ બાંભણીયા, સંજયભાઈ બાંભણીયા, મહેશભાઈ બાંભણીયા, નગરપાલિકા પ્રમુખ શ્રી પરેશભાઈ બાંભણીયા, નગરસેવક વિજયભાઈ રાઠૉડ, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખવીરાભાઈ સોલંકી, ઍભાભાઈ મકવાણા, પૂર્વ કારોબારી ચૅરમૅન મૉહનભાઈ વાજા, તાલુકા ભાજપ પૂર્વ પ્રમુખશ્રી સામતભાઈ ચારણીયા, નગરપાલિકાના સદસ્યના પ્રતિનિધિ બાબુભાઈ ડાભી સહીત વિશાળ સંખ્યામાં કોળી સમાજના ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા. આ મીટીંગ પૂર્ણ કરવામાં આવી હતી

# જામનગર જિલ્લા કલેકટર કેતન ઠક્કર વય નિવૃત્ત થતાં જિલ્લા પ્રસાશન દ્વારા ભવ્ય વિદાય સમારંભનું આયોજન કરાયું

**રાષ્ટ્રધ્વજને સલામી આપી વિદાય લેતી વેળાએ કલેકટર ભાવુક થયા**



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના વિકાસ અને જનકલ્યાણ માટે સમર્પિત સેવાઓ આપનાર તથા જામનગર જિલ્લાના ૫૨માં કલેકટર તરીકે ૧ વર્ષ અને ૨મહિના સુધી પોતાની ફરજો નિભાવનાર જિલ્લા કલેકટર કેતન ઠક્કર વયનિવૃત થતા જિલ્લા પ્રશાસન,અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા તેમને ભવ્ય અને ભાવુક વિદાય આપવામાં આવી હતી. વિદાય સમારંભ દરમિયાન સમગ્ર માહોલ લાગણીસભર બની ગયો હતો, જ્યાં સહકર્મચારીઓ અને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા તેમના કાર્યકાળની યાદો તાજી કરવામાં આવી હતી.કલેકટર કેતન ઠક્કરે પોતાના કાર્યકાળ દરમિયાન જામનગર જિલ્લામાં અનેક વિકાસલક્ષી અને જનકલ્યાણકારી યોજનાઓને સફળતાપૂર્વક અમલમાં મૂકી, જિલ્લાના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તેમણે શિક્ષણ, આરોગ્ય, પાણી વ્યવસ્થા, શહેરી વિકાસ અને ગ્રામ વિકાસ જેવા ક્ષેત્રોમાં નોંધપાત્ર કામગીરી કરી હતી. ખાસ કરીને જનસેવા માટેની તેમની પ્રતિબદ્ધતા અને ઝડપી નિર્ણયક્ષમતા તેમને એક લોકપ્રિય અને અસરકારક પ્રશાસક તરીકે ઓળખ અપાવી છે. જિલ્લા પ્રશાસનને વધુ પારદર્શક, જવાબદાર અને પ્રજાસહભાગી બનાવવામાં તેમનું યોગદાન પ્રશંસનીય રહ્યું છે.વિદાય પ્રસંગે કલેકટરએ જણાવ્યું હતું કે, જામનગર સાથેનો તેમનો સંબંધ માત્ર ફરજ પૂરતો નહોતો, પરંતુ લાગણી અને જવાબદારી સાથે જોડાયેલો હતો. અહીં કામ કરતી વખતે મળેલો સહકાર અને પ્રેમ જીવનભર યાદગાર રહેશે. સહકર્મચારીઓ અને નાગરિકો પાસેથી મળેલા સહકાર માટે તેમણે આભાર વ્યક્ત કર્યો હતો. પોતાના વિચારો વ્યક્ત કરતાં તેઓ ભાવુક બની ગયા હતા.

અંતમાં કલેકટરએ કલેકટર કચેરી ખાતે રાષ્ટ્રધ્વજને સલામી આપી રાષ્ટ્રગાન કરી લાગણીસભર માહોલમાં વિદાય લીધી હતી. આ પ્રસંગે અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા તેમને શુભેચ્છાઓ પાઠવી, તેમની સ્વસ્થ અને સુખમય નિવૃત્તિજીવન માટે કામના વ્યક્ત કરવામાં આવી હતી.

# મોરબીના સુરજબાગમાં બાલભવન બનાવવા માંગ ઉઠી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં બાળકોના સર્વાંગી વિકાસ માટે બાલભવનની અછતને ધ્યાનમાં રાખી 'ચિલ્ડ્રન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન' દ્વારા મહાનગરપાલિકા કમિશ્નરને લેખિત રજૂઆત કરવામાં આવી છે. સુરજબાગ ખાતે બાલભવન સાથે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે સુવિધા ઉભી કરવાની માંગ ઉઠાવવામાં આવી છે. મોરબી શહેરમાં ડાન્સ, સંગીત અને નાટ્ય જેવી વિવિધ કલાત્મક પ્રવૃત્તિઓ માટે ૩૦ જેટલા ક્લાસીસ અને સંસ્થાઓ કાર્યરત હોવા છતાં બાળકોના સર્વાંગી વિકાસ માટે એક પણ બાલભવનની સુવિધા ઉપલબ્ધ નથી. આ મુદ્દે ચિલ્ડ્રન ડેવલપમેન્ટ ફાઉન્ડેશનના પ્રમુખ રામ મહેતાએ મોરબી મહાનગરપાલિકાના કમિશ્નરને લેખિત રજૂઆત કરી કે, મોરબી એક કલાપ્રેમી નગરી હોવા છતાં બાળકો માટે એક જ સ્થળે વિવિધ પ્રવૃત્તિઓ જેમ કે સંગીત, નાટ્ય, ડાન્સ અને કરાટે જેવી તાલીમ મળી રહે તેવી વ્યવસ્થા નથી. હાલ સુરજબાગ ખાતે સુંદર બગીચો વિકસાવવામાં આવી રહ્યો છે, ત્યારે અહીં બાલભવન બનાવવામાં આવે તો બાળકોના માનસિક, શારીરિક અને સર્જનાત્મક વિકાસ માટે તે ઉપયોગી સાબિત થશે. આ ઉપરાંત રાજકોટની તુલનામાં મોરબીમાં પણ બાલભવન જેવી સુવિધા ઉભી થાય તેમજ ટાઉન હોલને વહેલી તકે કાર્યરત કરવામાં આવે તો નાટકો, સંગીત કાર્યક્રમો અને અન્ય સાંસ્કૃતિક ઈવેન્ટ્સનું આયોજન શક્ય બનશે તેમ રજુઆતમાં જણાવવામાં આવ્યું છે.

# મોરબી મનપાના સર્વર ઠપના સમાચાર પાયા વિહોણા : આરોગ્ય અધિકારીની સ્પષ્ટતા

**આ સમસ્યા માત્ર મોરબી પુરતી મર્યાદિત ન રહી સમગ્ર રાજયમાં જોવા મળી છે**

**મુખ્ય સમાચાર, મોરબી**

'મોરબી મહાનગરપાલિકાના સર્વર ઠપ' અંગે પ્રકાશિત થયેલ સમાચારને મનપાએ નકારી કાઢ્યા છે. આ સાથે આરોગ્ય અધિકારીએ માહિતી નિયામકને લેખિતમાં રજૂઆત કરી સ્પષ્ટ કર્યું કે જન્મ-મરણ પ્રમાણપત્રની કામગીરી રાષ્ટ્રીય સ્તરના CRS પોર્ટલ પર થાય છે અને સર્વર ડાઉન જેવી સમસ્યા રાજ્યભરમાં જોવા મળે છે, મોરબી પૂરતી મર્યાદિત નથી. જેવી સ્પષ્ટતા સાથે પ્રકાશિત કરવામાં આવેલ અહેવાલ અંગે રદિયો આપ્યો છે.

મોરબી મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારીએ મોરબી માહિતી નિયામકને લેખિત રજુઆત કરી કે, તા. ૩૧ માર્ચ ૨૦૨૬ના રોજ દિવ્ય ભાસ્કરમાં પ્રકાશિત થયેલ ''મોરબી મનપામાં સર્વર ઠપ'' અંગેના સમાચારને ખોટા અને પાયા વિહોણા ગણાવ્યા છે. રજુઆતમાં જણાવાયું છે કે હાલ મોરબી મહાનગરપાલિકાના સિવિક સેન્ટર ખાતે જન્મ અને મરણના પ્રમાણપત્રો જારી કરવાની કામગીરી કરવામાં આવે છે. તા. ૧ સપ્ટેમ્બર ૨૦૨૫થી આ સમગ્ર પ્રક્રિયા સરકારના CRS પોર્ટલ દ્વારા સંચાલિત થાય છે, જે રાષ્ટ્રીય સ્તરે કાર્યરત છે. મોરબી મહાનગરપાલિકાનો 'કોઈ અલગ સર્વર અથવા પોર્ટલ નથી'. અધિકારીએ વધુમાં સ્પષ્ટતા કરી કે કેટલીકવાર CRS પોર્ટલ પર મેન્ટેનન્સ અથવા ડેટા ટ્રાન્સફર જેવી પ્રક્રિયાઓને કારણે સર્વર ડાઉન થાય છે, પરંતુ આ સમસ્યા માત્ર મોરબી પૂરતી મર્યાદિત ન રહી સમગ્ર રાજ્યમાં એકસાથે જોવા મળે છે. તેથી 'મોરબી મનપાના સર્વર ઠપ' દર્શાવાતા સમાચાર તથ્યવિહોણા હોવાનું જણાવાયું છે. આ સાથે, સિવિક સેન્ટર ખાતે ટોકન વિતરણ અંગે પણ સ્પષ્ટતા કરવામાં આવી છે કે ટોકનની સંખ્યામાં કોઈ મર્યાદા રાખવામાં આવી નથી અને હાજર રહેલા તમામ અરજદારોને ટોકન આપવામાં આવે છે. અંતમાં આરોગ્ય અધિકારીએ રાજ્ય લેવલના પોર્ટલ સાથે મોરબી મહાનગરપાલિકાને ખોટી રીતે જોડતા આવા અહેવાલોથી દૂર રહેવા તાકીદ કરી

# મોરબીના વાવડી રોડ પર જૂની અદાવતમાં છરી-ધારીયા સાથે મારામારી, યુવાન ઘાયલ

**ફિલ્મી અંદાજે અથડામણ, હાલ એક જ પક્ષની ફરિયાદને આધારે બે આરોપી વિરુદ્ધ ગુનો દાખલ**

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના વાવડી રોડ પર જૂની અદાવતને કારણે બે જૂથ વચ્ચે છરી અને ધારીયા સાથે હિંસક મારામારી સર્જાઈ હતી. ઘટનામાં સિકંદર મોવર નામનો યુવક ઘાયલ થતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો છે. હાલ એક જ પક્ષની ફરિયાદના આધારે પોલીસે આરોપી શાહરૂખ પરમાર અને ઈરફાન ઘાંચી વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

મોરબી શહેરના વાવડી રોડ વિસ્તારમાં તા. ૩૦ માર્ચની સાંજે જૂની દુશ્મનાવટને કારણે હિંસક અથડામણ સર્જાઈ હતી. જેમાં પંચાસર રોડ સલીમ મસ્જિદ સામે રહેતા ફરિયાદી સિકંદર કાદરભાઈ મોવર ઉવ.૨૪ દ્વારા આરોપી શાહરૂખભાઈ પરમાર અને ઇરફાનભાઈ નાનુભાઈ ઘાંચી બન્ને રહે. મિલનપાર્ક શેરી નં.૩ વાવડી રોડ મોરબી વાળા વિરુદ્ધ એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, સિકંદરભાઈ વાવડી રોડ ઉપર મિલન પાર્ક શેરી નં. ૩ પાસે આવેલ ખોડિયાર ટી સ્ટોલે ચા પીવા ગયા હતા, ત્યારે આરોપી શાહરૂખભાઈ પરમાર સાથે જૂની અદાવતમાં સામુ જોવા બાબતે બોલાચાલી શરૂ થઈ હતી. ત્યારે આરોપી શાહરૂખ પરમારે ઉશ્કેરાઈ અને છરી વડે હુમલો કર્યો હતો, જેમાં ફરિયાદીને બંને હાથ અને પગમાં ઈજાઓ પહોંચી હતી. દરમિયાન ઈરફાનભાઈ નાનુભાઈ ઘાંચી ધારીયું લઈને સ્થળ પર આવી ફરિયાદીને ઉંધા ધારીયાથી ઘા મારતા તે જમીન પર પડી ગયો હતો. ત્યારબાદ બંને આરોપીઓએ મળી ફરિયાદીને ઢીકાપાટુનો માર માર્યો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આ દરમિયાન ફરિયાદીને વધુ માર માંથી છોડાવવા આવેલ મિત્રોએ સોડાની બોટલો અને પથ્થરો વડે સામે હુમલો કર્યો હતો. તો સામા પક્ષે આરોપીની માતાએ તમામની આંખોમાં મરચાની ભૂકી છાંટી હતી. હાલ સમગ્ર ઘટનાના પગલે ફરિયાદી ઘાયલ યુવકને મિત્રો દ્વારા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં હાલ તેની સારવાર ચાલુ છે. ત્યારે સીટી એ ડિવિઝન પોલીસે બનાવ અંગે બે આરોપીઓ વિરુદ્ધ બીએનએસ તથા જીપી એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# જામનગરના લીમડા લાઈનમાં ચોર સમજી આધેડને માર મારી ચાર વેપારીઓએ હત્યા નિપજાવી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહરેના લીમડા લાઈનમાં દુકાનમાં ચોરી કરવા આવ્યાની આશંકાએ પ્રૌઢ સહિત બે વ્યક્તિઓનું અપહરણ કરીને ગોંધી રાખી માર મારીને પ્રૌઢની હત્યા કર્યાની વેપારીઓ સામે નોંધાયેલી ફરિયાદથી ચકચાર મચી જવા પામી છે. પોલીસે આરોપીઓની ઓળખ કરીને ધરપકડ માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.શહેરના અંબર ચોકડી પાસે, ઝુંપડપટ્ટીમાં રહેતા રાજુભાઈ રામદેવભાઈ કોષ્ટી ઉ.વ.૫૫ નામના પ્રૌઢ અને ધ્રોલથી આવેલા સંજયભાઈ ગીતાલોજ પાસે ફુટપાથ પર બેઠા હતા. ત્યારે લીમડા લાઈનમાં દુકાન ધરાવતા વેપારી સહિતના ૪ શખસો બે બાઈક લઈને આવ્યા હતા. બન્નેને મારકુટ કરવા લાગ્યા હતા. જેથી રાજુભાઈના જમાઈ ઉદલ કનૈયાભાઈ પરમારએ પુછ્તા જણાવ્યું હતુ કે, રેફ્રીજરેશનની દુકાનમાંથી આ બન્નેએ ત્રાંબાની નળીની ચોરી કરી હોવાની શંકા રાખીને મારકુટ કરતા હતા.જે બાદ બન્નેને મોટર સાયકલમાં બેસાડી અપહરણ કરીને લીમડા લાઈનમાં લઈ ગયા હતા. જ્યાં એક ડેલામાં લઈ જઈને બન્નને પ્લાટીકની નળી વડે ચારેય શખસો માર મારતા હતા. જ્યાં પ્રૌઢના જમાઈ ઉદલભાઈ ત્યાં જતાં તેમને અહીંથી જતો રહે નહીંતર તને પણ મારવો જોશે, તેમ કહેતા તે ત્યાંથી ઘરે ઝુંપડે જતો રહ્યો હતો. બાદમાં સવારે અંબર ચોકડી પાસે લીમડા લાઈન જતી શેરીમાંથી પ્રૌઢ રાજુભાઈ બેભાન હાલતમાં મળી આવતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ મૃત જાહેર કરતા બનાવ હત્યામાં પલ્ટાયો હતો. પોલીસે લીમડા લાઈનમાં વેપારી સહિતના ૪ અજાણ્યા શખસો સામે હત્યા, અપહરણ અને ગોંધી રાખવા સહિતની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પીઆઈ પી.પી.ઝાએ ટીમ સાથે તપાસ હાથ ધરીને આરોપીઓની ઓળખ કરવામાં આવી છે.

# જામનગર મહાનગરપાલિકાની પ્રતિષ્ઠાને હાની કરે તેવો વીડિયો વાયરલ કરનાર સામે સિક્યુરિટી ઈન્ચાર્જની ફરિયાદ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ગાંધીનગર પાસે મચ્છરનગરમાં બનાવવામાં આવેલો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. આ વીડિયોમાં એક શખ્સે જામનગર મહાનગરપાલિકાના કર્મચારી, અધિકારીઓ ફરજ નથી નિભાવતા તેવું જણાવાયા પછી જામનગર મહાનગરપાલિકાના ઈન્ચાર્જ સિક્યુરિટી ઓફિસરે વીડિયો બનાવનાર વ્યક્તિ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી લોકોમાં અફવા ફેલાવવા ઉપરાંત જામનગર મહાનગરપાલિકાને ઘણી બધી રીતે નુકસાન થાય તેવું કૃત્ય કરવા બદલ અપરાધ આચર્યાનું ફરિયાદમાં જણાવાયું છે.

જામનગરના સોશિયલ મીડિયા પર થોડા દિવસ પહેલાં જામનગરના ગાંધીનગર પાસેના મચ્છરનગરમાં ઉતારવામાં આવેલો એક વીડિયો વાયરલ થયો હતો. જેમાં જયદીપસિંહ ઝાલા ઉર્ફે ઝભ્ભો ઉર્ફે મહાકાલ નામના શખ્સે જામનગર મહાનગરપાલિકાની પ્રતિષ્ઠાને નુકસાન થાય તે પ્રકારના શબ્દોનું ઉચ્ચારણ કર્યું હતું.ઉપરોક્ત વીડિયો વાયરલ થયા પછી ગઈકાલે જામનગર મહાનગરપાલિકાના ઈન્ચાર્જ સિક્યુરિટી ઓફિસર અનવરભાઈ હુસેનભાઈ ગઝ્ઝણે સિટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં જયદીપસિંહ ઉર્ફે મહાકાલ સામે બીએનએસની કલમ ૩૫૩ (૧) (બી), ૩૫૩ (૨), ૩૫૬ (૨) હેઠળ ફરિયાદ નોંધાવી છે.આ ફરિયાદમાં જણાવવામાં આવ્યા મુજબ જામનગર મહાનગરપાલિકાની પ્રતિષ્ઠાને હાની થાય તેમજ ત્યાં કામ કરતા વિવિધ કર્મચારી, અધિકારીના ટેકનિકલ યુનિયનના નામના પ્રાદેશિક જૂથ તથા આ જૂથ સિવાયના જામનગર મહાનગરપાલિકામાં ફરજ બજાવતા અન્ય કર્મચારીઓના સમૂહની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાના ઈરાદાથી અપશબ્દોવાળો આ વીડિયો વાયરલ કર્યો હતો.

જામનગર મહાનગર પાલિકાના અધિકારીઓ વિશે આ વીડિયોમાં અભદ્ર ભાષામાં વાણીવિલાસ કરી તેમજ અસત્ય બોલી પ્રજામાં નફરત અને અણગમો જન્મે તેવી અફવા ફેલાવી છે અને કર્મચારીઓ, અધિકારીઓ ફરજ નથી નિભાવતા તેમ જણાવી આ વીડિયોથી જયદીપસિંહે લોકોને ડરાવવાનું કૃત્ય કર્યું છે. પોલીસે તે ફરિયાદ પરથી ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

# અમદાવાદ નિકોલના ભુવાનો ભાંડાફોડ કરતું વિજ્ઞાન જાથા




**મુખ્ય સમાચાર, અમદાવાદ**

નિકોલ વિસ્તારના અશ્વમેઘ સોસાયટીમાં ઘરમાં માતાજીનો મઢ બનાવી ભુવો રાજુભાઈ પ્રજાપતિ ઉર્ફે રાજુભાઈ છગનભાઈ જોટાણીયાના છેલ્લા ૩૦ વર્ષના ધતિંગ, દોરા-ધાગા, સંતાન પ્રાપ્તિ, દુઃખ-દર્દ મટાડવાના દાવાનો ભાંડાફોડ ભારત જન વિજ્ઞાન જાથાની ટીમે નિકોલ પોલીસ સ્ટેશનની મદદથી ૧૨૮૧ મો સફળ પર્દાફાશ કર્યો હતો. વિધિ-વિધાન, માંડવાના નામે એક લાખ રૂપિયાની ફી વસૂલતો હતો. રૂમમાં પીડિતોને બોલાવી તાંત્રિક વિધિ કરતો હતો. અમદાવાદમાં જ્યોતિષ, દોરા-ધાગા, દાણા જોઈ ઉપચાર કરતા ધતિંગબાજોથી છેતરાયેલા લોકો આધાર-પુરાવા સાથે માહિતી આપવા જાથાએ અપીલ કરી હતી.

બનાવની વિગત પ્રમાણે છેલ્લા ૬ માસથી જાથાના કાર્યાલયે રૂબરૂ તેમજ ટેલીફોનમાં માહિતી આપવામાં આવી તેમાં નિકોલ વિસ્તારમાં ઘરમાં સામા કાંઠાની મેલડી મા અને મોગલ મા નો મઢ બનાવી દર મંગળવારે બપોર પછી ભુવા રાજુભાઈ પ્રજાપતિ જોવાનું કામ કરે છે. મહિલાઓનું પ્રમાણ વધુ હોય છે. નિઃસંતાને બાધા રાખી મઢમાં ઘોડિયાનું પ્રતિક મુકવાથી સંતાન પ્રાપ્તિનો દાવો કરવામાં આવે છે. જુવારના દાણા પીવડાવવાથી રોગ મટે છે. માનસિક બિમારે ડોકટરી રીપોર્ટ સાથે રાખવો. શ્રધ્ધા રાખશો તો જ પરિણામ મળશે. અપરણિતે બાધા રાખવાથી લગ્ન યોગ, માંદગી, અપમૃત્યુ કિસ્સામાં તાંત્રિક વિધિ, મઢની થાળીમાં રૂપિયા મુકવા, ત્રણ કલાકે પીડિતોનો જોવડાવવાનો વારો આવશે. પાટમાં દાણા મુકવા એકી-બેકીની કરામત કરવી. માંડવામાં દાણાની ગણતરી પોતાના સાગ્રીતો મારફતે કરવી વિગેરે ધતિંગની માહિતી આપી હતી. જેથી જાથાએ માહિતીની ખરાઈ કરવાનું નક્કી કર્યું હતું.

જાથાના ચેરમેન એડવોકેટ જયંત પંડયાએ નિકોલ ખાતે ખરાઈ કરવા ભક્તિબેન રાજગોર, ભાનબુને શેઠીયા, રવિ પરબતાણીને મોકલવામાં આવ્યા. તેમણે બનાવટી હકિકત મુકતા ભુવાએ જુવારના દાણા પીવડાવ્યા. ૨૪ દિવસ ટેક આપી, આર્શિવાદ આપ્યા. પોતાના મઢના રૂમમાં વારાફરતી પીડિતોને બોલાવવામાં આવતા હતા. એકલી મહિલા-બે મહિલા અંદરના રૂમમાં જતા હતા ત્યાં ભુવો વિધિ-વિધાન કરતો હતો. દુઃખ-દર્દ મટાડતો હતો. પુરાવા એકત્ર થઈ ગયા હતા. તે દિવસે પોલીસ સ્ટેશનના પી.આઈ. વી. એસ. વાઘેલાને રાજકોટથી જાથાએ ડમી માણસો મોકલ્યા છે તેની જાણકારી આપી હતી. બીજી વખત ભુવા માટે હારતોરા, શ્રીફળ, ચૂંદડી વિગેરે લઈ જઈ મજબુત પુરાવા, ફોટોગ્રાફી-વિડીયોગ્રાફી લઈ લીધા હતા. જાથાના ચેરમેન જયંત પંડયાએ રાજયના મુખ્યમંત્રી, અધિક મુખ્ય સચિવ ગૃહ મંત્રાલય, પોલીસ મહાનિર્દેશક, પોલીસ કમિશ્નર, ડે.પો. કમિશ્નર, ઝોન-૫, આસી. પોલીસ કમિ. કૃણાલ દેસાઈ, પોલીસ સ્ટેશનને પત્ર લખી કાયદો વ્યવસ્થા અને પોલીસ બંદોબસ્ત માટે માંગણી કરવામાં આવી હતી.

નિકોલ પો. સ્ટેશનના હાજર પોલીસ કર્મીઓને ભુવાના કરતુતોથી માહિતગાર કરી ભુવાના મઢે જવાનું નક્કી થયું. જયાં ભુવો જોવાનું કામ કરતો હતો. રાજુ પ્રજાપતિના હોંશકોંશ ઉડી ગયા. જાથાના ચેરમેને પોતાનો પરિચય આપ્યો હતો. દાણા પાડવા, જોવાના કામની કબુલાત આપી દીધી હતી. લોકોને ભ્રમમાં નાખવું, રોગ મટાડવા જુવારના દાણા પીવડાવવા કાયદામાં પ્રતિબંધિત છે તેનાથી માહિતગાર કર્યા હતા.

જાથાએ ૩૦ વર્ષના ધતિંગ બંધ કરાવવા કબુલાતનામું સાથે જાહેરમાં માફી પત્ર મેળવ્યું હતું. પ્રથમ વખત સુધરવાની તક આપવાનું મુનાસિબ રાખ્યું હતું. જાથાએ ૧૨૮૧ મો સફળ પર્દાફાશ કર્યો હતો.

રાજયમાં દોરા-ધાગા, મંત્ર-તંત્ર, રોગ મટાડવા, દાણા જોઈ ઉપચાર કરતા ધતિંગબાજોની માહિતી આધાર-પુરાવા, વિડીયોગ્રાફી સાથે ભોગ બનનારા આગળ આવે તેવી અપીલ કરવામાં આવી હતી. જાથા ખરાઈ કર્યા બાદ પર્દાફાશના નિયમોની જાણકારી આપી કાર્યવાહી કરે છે તે માટે મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવો.

# રાજકોટ જિલ્લાના ૧૭ ગામમાં પાણી પુરવઠાને લગતા રૂ.૩૮.૯૭ લાખના વિવિધ કામોને બહાલી

## ગ્રામીણ વિસ્તારોમાં જૂની જર્જરીત ટાંકીઓ તોડી પાડવા એન્જિનિયરોની કમિટી રચવા સૂચના : જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠકમાં કલેક્ટર દ્વારા આગામી કામોને મંજૂરી અપાઈ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેક્ટરશ્રી ડૉ. ઓમ પ્રકાશના અધ્યક્ષ સ્થાને જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક ગતરોજ સાંજે કલેક્ટર કચેરી ખાતે યોજવામાં આવી હતી.

આ બેઠકમાં રાજકોટ જિલ્લાના ૧૧ તાલુકાના ૧૭ ગામોમાં પાણી પુરવઠાનું માળખું સુદ્રઢ બનાવવા માટે રીજુવેનેશન કાર્યક્રમ હેઠળ રૂ. ૩૮.૯૭ લાખના કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી હતી. જેના પગલે આ ગામોમાં પીવાના પાણીની સુવિધામાં નવા બોરના શારકામ, પમ્પિંગ મશીનરી, હયાત બોર અને સંપ પર પમ્પિંગ મશીનરી સહિતના કામો કરવામાં આવશે. આ સાથે અગાઉની બેઠકમાં મંજુર કરેલા કામોની સમીક્ષા કરવામાં આવી. જેમાં ઉનાળાના સમયમાં પાણીની તકલીફ ન પડે તે અંગે પણ ધ્યાન આપવા સૂચના આપવામાં આવી હતી.

ઉક્ત બેઠકમાં વાસ્મો કચેરી દ્વારા કરવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવી. જેમાં ગ્રામ પંચાયતોના પાણી વેરા વસુલાત, પંપ ઓપરેટર તાલીમો, ગ્રામ્ય કક્ષાએ પાણી ટેસ્ટીંગ કામગીરી, જલ અર્પણ ઉત્સવ ઉજવણી તેમજ વાસ્મો હેઠળ મંજુર થયેલા કામોની વિગતવાર ચર્ચા કરી જરૂરી સૂચના આપવામાં આવી હતી.

ઉપરાંત વિવિધ ગ્રામીણ વિસ્તારોમાં જૂની જર્જરીત થઈ ગયેલી અને જોખમી પાણીની ટાંકીને તોડી પાડવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં અધ્યક્ષ દ્વારા અલગ અલગ વિભાગના જેમ કે, જિલ્લા પંચાયત, સિંચાઈ આર.એન્ડ બી.અને પી.આઈ.યુ. પાણી પુરવઠા, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, વાસ્મો વગેરે કાર્યપાલક ઈજનેરોની કમિટી બનાવીને, બેઝીક અપસેટ પ્રાઈઝ નક્કી કરવા સુચના આપવામાં આવી. જેથી ઉક્ત ભાવ દ્વારા તાલુકા-જિલ્લા પંચાયત મારફતે પંચાયતના નિયમાનુસાર ટાંકી તોડી પાડવા અંગેની કાર્યવાહીને આગળ વધારવા અંગે સૌને માર્ગદર્શિત કરવામાં આવ્યાં હતા. આ બેઠકમાં જિલ્લા પંચાયત કાર્યપાલક ઈજનેર(સિંચાઈ)ના વિવેક ગોહિલ, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના કાર્યપાલક ઈજનેર અંકિત ગોહિલ અને વાસ્મોના કાર્યપાલક ઈજનેર દીપક બારિયા તેમજ અન્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરમાં બે પાડોશીઓ વચ્ચેનો ઝઘડો ઉગ્ર બન્યોઃ એક મહિલા અને તેની પુત્રી પર હુમલો ૪ સામે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં બે પાડોશીઓ વચ્ચેનો નાનો ઝઘડો ઉગ્ર બની મારામારી સુધી પહોંચ્યો હોવાનો બનાવ સામે આવ્યો છે. પોલીસે ચાર આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જામનગરમાં મંગલધામ સોસાયટી માં રહેતી દક્ષાબેન ધર્મેશભાઈ હરિયાણીને પોતાના વિસ્તારમાં શેરીમાં બાળકો રમવા બાબતે તેણીના પાડોશી વિક્રમભાઈ, ઉપરાંત વિક્રમભાઈ નો સાળો સાગર, અને તેનો એક ભાઈ, તથા અન્ય સાગરીત વગેરે ચાર વ્યક્તિ સાથે બોલાચાલી થઈ હતી. આ બાબતનો ખાર રાખી આરોપીઓ એકજૂથ થઈ ફરીયાદીના ઘરે આવી ઝઘડો કર્યો હતો.આરોપીઓએ ગાળો આપી લાકડાના ધોકા સાથે હુમલો કર્યો હતો. જેમાં આરોપી વિક્રમભાઈએ ફરીયાદીના કપાળના ભાગે માર માર્યો હતો, જ્યારે અન્ય આરોપીઓએ શરીરે આડેધડ માર માર્યો હતો, જેના કારણે ફરીયાદીને ઈજા પહોંચી હતી.ઘટનામાં વચ્ચે પડેલી ફરીયાદીની દીકરી સિદ્ધિને પણ આરોપીઓએ માર મારી ઈજા પહોંચાડી હતી. આરોપીઓએ ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.આ બનાવ અંગે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) હેઠળ ગુનો નોંધાયો છે.પોલીસ દ્વારા માતા પુત્રી પર હુમલો કરનારા પાડોશી આરોપીઓને ઝડપી પાડવા અને વધુ તપાસ માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. જ્યારે માતા પુત્રીને જામનગરની હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

# છેતરપિંડીના ગુન્હામાં સંડોવાયા પછી ૨૦ વર્ષથી નાસતા ફરતા શખ્સની અટક



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહેસાણામાં વીસ વર્ષ પહેલાં નોંધાયેલા છેતરપિંડીના એક ગુન્હા ઉપરાંત જામનગરના એક ગુન્હામાં સંડોવાયા પછી નાસતા ફરતા અંકલેશ્વરના શખ્સને રાજકોટ રેન્જની ટીમે દબોચી લીધો છે.

જામનગરના બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં તાજેતરમાં છેતરપિંડીનો એક ગુન્હો નોંધાયો હતો. તે ઉપરાંત વીસેક વર્ષ પહેલાં મહેસાણા કડી પોલીસ સ્ટેશનમાં પણ આઈપીસી ૪૦૬, ૪૨૦ હેઠળ ગુન્હો નોંધાયો હતો. જેમાં ભરૂચ જિલ્લાના અંકલેશ્વરમાં હવા મેલ પાસે રહેતા ઈમ્તિયાઝ નુરમામદ દરજાદા ઉર્ફે ભોલાની સંડોવણી જાહેર થઈ હતી.

આ શખસ નાસતો ફરતો હતો. તેની ચાલી રહેલી શોધ દરમિયાન રાજકોટ રેન્જની પોલીસ ટીમના પીઆઈ આર.એચ. બારની સૂચનાથી પીએસઆઈ પી.એન. મોરી, બી.સી. મિયાત્રા તથા ટીમે આ શખ્સને અંકલેશ્વરમાંથી દબોચી લીધો છે. તેનો કબજો લગત પોલીસ મથકને સોંપવાની તજવીજ કરાઈ છે.

# સૌરાષ્ટ્રની પ્રાચીન શ્યામલાલજીની હવેલીમાં કાલે ફુલ મંડળી મનોરથ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્રની અતિ પ્રાચીન શ્રી શ્યામલાલજીની હવેલીમાં આવતીકાલે તારીખ- ૨/૪/૨૬ ને પૂનમના શ્રીજી ફુલ મંડળી મનોરથમાં પધારશે તેમજ સાંજે ૬ થી ૮ ગોપી મંડળના કીર્તન નો ક્રમ રાખેલ છે તો સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિને લાભ લેવા ભાવભર્યું આમંત્રણ છે તેમજ કીર્તન પછી કણીકા પ્રસાદનું પણ આયોજન રાખેલ છે તો બધાએ લાભ લેવો. જેનું સ્થળ શ્રી શ્યામલાલજી ની હવેલી (જૂની સદરનીહવેલી), પંચનાથ મંદિર મેઈન રોડ, જય સીયારામ પેંડાવાળાની સામે, રાજકોટ હવેલી નંબર - ૮૫૧૧૭૬૩૭૬૩

# મોરબી કારમાંથી હવા કાઢવાના આક્ષેપ સાથે પાડોશી પરિવાર ઉપર હુમલો, ૬ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના રણછોડનગર વિસ્તારમાં કારના ટાયરમાં હવા કાઢી નાખવાના આક્ષેપ સાથે પાડોશી પરિવાર ઉપર ત્રણ મહિલા સહિત છ લોકોએ હુમલો કર્યો હોવાની ઘટનાએ ચકચાર મચાવી છે. હુમલાના બનાવમાં મહિલા સહીત પરિવારના સભ્યોને ઈજાઓ પહોંચી હતી. હાલ બી ડિવિઝન પોલીસે ૬ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

મોરબીના રણછોડનગર પાણીના ટાંકા પાસે રહેતા અલ્કાબેન કેશુભાઈ થરેચા ઉવ.૪૨ વાળાએ બી ડિવિઝન પોલીસ સમક્ષ આરોપી (૧)સનીભાઈ નવીનભાઈ મારવણીયા, (૨)શીલ્પાબેન વાઓફ સનીભાઈ મારવણીયા, (૩)સાવનભાઈ નવીનભાઈ મારવણીયા, (૪)સનીભાઇના સસરા અરજણભાઇ, (૫)સનીભાઈના સાસુ જયોત્સનાબેન તથા (૬)સનીભાઈની સાળી બધા રહે. રણછોડનગર પાણીના ટાકાની બાજુમાં મોરબી વાળા વિરુદ્ધ નોંધાવેલ ફરિયાદ મુજબ, તા. ૩૦ માર્ચના બપોરે તેઓ પરિવાર સાથે છત્રી રીપેરીંગનું કામ કરતા હતા ત્યારે પાડોશી આરોપી સનીભાઈ મારવણીયાએ પોતાની ફોરવ્હીલ ગાડીના ટાયરમાં હવા કેમ કાઢી નાખી તેવો આક્ષેપ કરી બોલાચાલી શરૂ કરી આરોપી સનીભાઈએ છત્રીના પાઈપ વડે ફરિયાદી અને તેમના દીકરાને માથામાં ઈજા પહોંચાડી હતી. ત્યારબાદ તેની પત્ની શીલ્પાબેન અને ભાઈ સાવનભાઈએ પણ ફરિયાદી તથા તેમના બીજા દીકરાને માર માર્યો હતો. થોડા સમય પછી સનીભાઈના સસરા અરજણભાઈ, સાસુ જયોત્સનાબેન અને સાળી પણ સ્થળ પર આવી ફરિયાદી તથા તેમના પતિને માર મારી મૂંઢ ઈજા પહોંચાડી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. હાલ પોલીસે ભારતીય ન્યાય સહીતાની વિવિધ કલમો તથા જી.પી. એક્ટ હેઠળ ૬ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં બાઈક ચાલક દારૂ સાથે ઝડપાયો : બાઈક સહિત રૂ. ૭૧ હજારનો મુદ્દામાલ જપ્ત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરના સીટી સી. ડિવિઝન વિસ્તારમાં પોલીસે બાઇક પર અંગ્રેજી દારૂ સાથે હેરાફેરી કરી રહેલા એક યુવકને ઝડપી પાડ્યો છે. અને બાઈક તેમજ દારૂ વગેરે કબજે કરી લીધા છે.

શહેરના ગોકુલનગર નજીક ખોડીયારનગર વિસ્તારમાં જાહેર રોડ પર પેટ્રોલિંગ દરમિયાન પોલીસને એક યુવક શંકાસ્પદ હાલતમાં જોવા મળ્યો હતો. તપાસ કરતા તેની પાસેની ટી.વી.એસ. જ્યુપિટર માંથી બિનપરમીટ અંગ્રેજી દારૂ મળી આવ્યો હતો.પકડાયેલા આરોપી દીપક રમેશભાઈ ધંધુકીયા (ઉંમર ૧૯ વર્ષ, રહે. ગોકુલનગર, જામનગર) પાસે થી ઈંગ્લિશ દારૂની ૪ બોટલ (કિંમત રૂ. ૧,૦૧૪) મળી આવી હતી. ઉપરાંત બાઇક (કિંમત રૂ. ૭૦,૦૦૦) સાથે કુલ રૂ. ૭૧,૦૧૪નો મુદ્દામાલ કબજે કરી લેવામાં આવ્યો છે, અને તેની સામે પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(એ), ૧૧૬(બી), ૯૮(૨) હેઠળ ગુનો નોંધાયો છે.

# હનુમાન જયંતિએ સૂર્યમુખી હનુમાનજીની મહાઆરતી અને મહાપ્રસાદનું આયોજન કરાયું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઈષ્ટદેવ શ્રી રામચંદ્રજી ભગવાન તથા પરમ કૃપાળુ શ્રી સૂર્યમુખી હનુમાનજી મહારાજની અસીમ કૃપાથી દરેક ભક્તજનો ને જણાવવાનું કે હનુમાનજી જન્મોત્સવ ના દિવસે મહા આરતી ૨/૪/૨૦૨૬ ગુરુવારે સમય સાંજ ના ૭:૩૦ કલાકે કરવામાં આવશે. મહાપ્રસાદ ૨/૪ ગુરુવારે સમય સાંજ ના ૭:૩૦ કલાકે આયોજન કરેલ છે આ શુભ પ્રસંગે આપ સર્વે અને પરિવાર તથા તમામ ભક્તજનોને લાભ લેવા માટે શ્રી હરભજનદાસ બાપુ, છબીલદાસ બાપુ લશ્કરી દ્વારા ભાવભર્યુ આમંત્રણ પાઠવાયું છે. જેનું સ્થળ : વિજય પ્લોટ ૧૧, ગોંડલ રોડ, આકાંશ બિલ્ડીંગની બાજુમાં.

# મોરબીના ખાખરાળા ગામે બેફામ ગતિએ આવતી કારની ટક્કરે રસ્તો ઓળંગતા બે રાહદારી ઘાયલ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના ખાખરાળા ગામે બસમાંથી ઉતરી ચાર જેટલા રાહદારીઓ રોડ ક્રોસ કરી રહ્યા હોય તે દરમિયાન મોરબી તરફથી બેફામ ગતિએ આવી રહેલ કારે બે રાહદારીઓને ટક્કર મારતા એકને ગંભીર ઈજા પહોંચી અને રાજકોટ સારવાર અર્થે ખસેડાયા હતા. આ અકસ્માતની ઘટનાને લઈને તાલુકા પોલીસ મથકે આરોપી કારચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે.

મોરબીના ખાખરાળા ગામે હનુમાનજી મંદિર પાસે તા.૧૫ માર્ચના રોજ સવારે બનેલા અકસ્માતમાં રોડ ક્રોસ કરતા બે રાહદારીને કારચાલકે હડફેટે લીધા હતા. જે બનાવ અંગે મોરબીના રવાપર રોડ ઉપર મારુતિનગર બી/૨૬માં રહેતા મૂળ વાઘપર(પીલુડી) ગામના વતની ત્રિભોવનભાઈ સંઘાભાઈ કડીવાર ઉવ.૭૪ ની ફરિયાદ મુજબ, તેઓ પોતાની પત્ની અને મિત્ર દંપતી સાથે બસમાં ખાખરાળા ગામે પહોંચ્યા બાદ રોડ ક્રોસ કરી રહ્યા હતા ત્યારે મોરબી તરફથી આવતી હ્યુન્ડાઇ કંપની કાર રજી.નં. જીજે-૦૪-સીઆર-૬૮૯૦ના ચાલકે પોતાની કાર પુરઝડપે અને બેફામ રીતે ચલાવી આવી ફરિયાદીના પત્ની પ્રભાબેન અને મિત્ર ગોવિંદભાઈને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં પ્રભાબેનને સામાન્ય ઈજા થતા તેમને પ્રાથમિક સારવાર બાદ રજા આપવામાં આવી હતી, જ્યારે ગોવિંદભાઈને માથામાં ગંભીર ઈજા સાથે હેમરેજ તેમજ પાસળી અને મણકામાં ફ્રેક્ચર થતા પહેલા મોરબી અને બાદમાં રાજકોટ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત બાદ કારચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. હાલ તાલુકા પોલીસે આરોપી કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ફ્રીડમ યુવા ગ્રુપ રાજકોટ દ્વારા સતત ૧૫ માં વર્ષે ઉનાળામાં છાશ વિતરણ કેન્દ્ર નો શુભારંભ




## નબળા વિસ્તારના લોકોને દૈનીક ૩૫૦ થી ૪૦૦ લીટર છાશનું વિતરણ કરવામાં આવશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ફ્રીડમ યુવા ગ્રુપ રાજકોટ દ્વારા છેલ્લા ૧૫ વર્ષથી ધોમધખતા તાપ અને ઓગાળી નાખતી ગરમીમાં નબળા વિસ્તારોમાં રહેતા અને ટાંચી સગવડ ધરાવતા પરિવારો નો કોઠો ઠરે એ માટે દૈનીક ધોરણે ૩૫૦ થી ૪૦૦ લીટર ઠંડી છાશ નુ વિતરણ (ઉનાળા ના બે મહિના સુધી) કરવામાં આવશે તે અંતર્ગત આ અનોખા સેવાયજ્ઞ ફ્રીડમ યુવા ગ્રુપ રાજકોટ દ્વારા સતત ૧૫ માં વર્ષે શ્રી અરવિંદભાઈ મણિયાર જનકલ્યાણ ટ્રસ્ટ ના મુખ્ય સહયોગ અને અન્ય નામી અનામી દાતાશ્રીઓ ના આર્થિક સહયોગ થી છાશ વિતરણ કેન્દ્ર નો શુભારંભ થયો, આ પ્રસંગે અરવિંદભાઈ મણિયાર જનકલ્યાણ ટ્રસ્ટ ના જયંતભાઈ ધોળકિયા, જાહનવિબેન લાખાણી, નિલેશભાઈ શાહ, જાહેરજીવન અને સામાજીક જીવન ના અગ્રણી સર્વ શ્રી અરૂણકાંતભાઈ ચોકસી, મયુરભાઈ શાહ, અનિલભાઈ લીંબડ, યોગેશભાઈ વાળા,જયેન્દ્રભાઈ મહેતા, સહિતના મહાનુભાવો સવિશેષ ઉપસ્થિત રહી આ સેવાકાર્ય ને બિરદાવેલ હતું, છાશ વિતરણ નો દૈનીક ખર્ચ રૂ.૨૫૦૦/- આવેછે તો આપનું એક દિવસ કે વધુ દિવસોનું અનુદાન આ કેન્દ્ર ને સતત બે મહિના સુધી ચલાવવા મદદરૂપ થશે. ફ્રીડમ યુવા ગ્રુપ રાજકોટ ના ઉનાળુ છાશ વિતરણ કેન્દ્ર ના શુભારંભ પ્રસંગ ને સફળ બનાવવા સંસ્થાપક ભાગ્યેશ વોરા, પ્રવીણ ચાવડા, નીતિન ઝરીયા, કિરીટ ગોહેલ, જે.પી. ફૂલારા, નિમેષ કેસરિયા, રાજુભાઈ માસ્તર સહિતનાઓએ જહેમત ઉઠાવી હતી. આ પૂણ્ય પ્રવૃતિ માં આપનું યથાયોગદાન આવકાર્ય છે, જે માટે ઈચ્છુક દાતાશ્રીઓ એ પ્રમુખ પ્રવીણ ચાવડા ( મો.૯૭૨૩૦૩૩૨૫૦) પર સંપર્ક કરવા જણાયેલ છે.

# ગત નાણાકીય વર્ષમાં મિલ્કત વેરાના ૪૫૫.૮૦ કરોડના મૂળ લક્ષ્યાંક સામે રૂ.૪૪૭.૯૩ કરોડની વસુલાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા વેરા વસુલાત શાખા દ્વારા મ્યુનિસિપલ કમિશનરના નેતૃત્વ અને સતત માર્ગદર્શન હેઠળ વેરા વસુલાત શાખાના તમામ અધિકારીઓ તથા કર્મચારીઓની સઘન કામગીરીથી નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે મિલ્કત વેરાના રૂ.૪૫૫.૮૦ કરોડના મુળ લક્ષ્યાંકની સામે રૂ.૪૪૭.૯૩ કરોડની વસુલાત થયેલ છે. વેરા વસુલાત શાખાની વર્ષ ૨૦૨૫-૨૬ ની કામગીરીની વિગતો નીચે મુજબ છે

૧) ગત નાણાકિય વર્ષ કરતા ૮.૪૪% ની વૃદ્ધિ સાથે ચાલુ નાણાકિય વર્ષમાં કુલ ૩૪.૪૪ કરોડ વધારાની આવક કરવામાં આવી છે.

૨) નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં કુલ ૬,૧૦,૯૩૧ મિલકત પૈકી ૪,૬૩,૫૬૪ મિલકતોનો વેરો ભરાયેલ છે. આમ, ગત વર્ષ ૨૦૨૪-૨૫ ની સાપેક્ષમાં ૪૩,૯૦૫ વધુ મિલકતોમાં વેરાની વસુલાત થવા પામી છે. આમ કુલ મિલકતધારકોમાંથી ૭૫.૭૫% મિલકતધારકોએ ચાલુ વર્ષે વેરાની ભરપાઈ કરેલ છે.

૩) વેસ્ટ ઝોનમાં ૨,૦૮,૮૫૦ કરદાતાઓ પાસેથી રૂ. ૧૮૯.૬૫ કરોડની, સેન્ટ્રલ ઝોનમાં ૧,૪૮,૪૦૬ કરદાતાઓ પાસેથી રૂ ૧૬૧.૮૦ કરોડની તથા ઈસ્ટ ઝોનમાં ૧,૦૫,૫૫૨ કરદાતાઓ પાસેથી રૂ. ૯૫.૭૯ કરોડની વસુલાત થયેલ છે.

૪) કુલ આવક અને કુલ કરદાતાઓને ધ્યાને લેતા, રેસીડન્સ કેટેગરીમાં કુલ ૩,૪૭,૨૭૪ કરદાતાઓએ રૂ ૨૦૪.૯૦ કરોડનો વેરો ભરપાઇ કરેલ છે. જયારે નોન રેસીડન્સ કેટેગરીમાં કેટેગરીમાં કુલ ૧,૧૫,૫૩૪ કરદાતાઓએ રૂ ૨૪૨.૩૪ કરોડનો વેરો ભરપાઇ કરેલ છે.

૫) વેરા વસુલાતની કામગીરી દરમિયાન કુલ ૧૨,૧૯૧ મિલ્કતોને જપ્તી નોટિસ બજવણી કરવામાં આવેલ તથા કુલ ૧,૫૬૬ મિલકતો સિલિંગ કરેલ છે.

૬) રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ ની રિકવરી ઝુંબેશ અંતર્ગત તા.૦૧/૦૪/૨૦૨૫ થી તા.૩૧/૦૩/૨૦૨૬ સુધી કુલ ૪,૬૨,૮૦૮ કરદાતાઓ પાસેથી કુલ આવક રૂ.૪૪૭.૨૪ કરોડની વસુલાત થયેલ છે. જેમાં રોકડથી થયેલ આવક રૂ.૧૨૫.૯૪ કરોડ, ચેકથી થયેલ આવક રૂ.૮૧.૩૦ કરોડ તથા ઓનલાઈનથી થયેલ આવક રૂ.૨૪૦.૦૦ કરોડ છે. કુલ કરદાતાઓ ૪,૬૨,૮૦૮ પૈકી ૩,૦૨,૬૭૪ કરદાતાઓ દ્વારા ઓનલાઇન પેમેન્ટ કરવામાં આવેલ અને ૧,૬૦,૧૩૪ કરદાતાઓ દ્વારા ઓફલાઇન પેમેન્ટ કરવામાં આવેલ.

# ટંકારાના વિરપર ગામે ૮૫ વર્ષીય વૃદ્ધનો ગળેફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારાના વિરપર ગામે ૮૫ વર્ષીય વૃદ્ધે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હોવાનો બનાવ સામે આવ્યો છે. બનાવ અંગે પોલીસે અ.મોતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ટંકારા તાલુકાના વિરપર ગામે રહેતા હરજીભાઈ કુંવરજીભાઈ લિખિયા ઉવ.૮૫એ પોતાના નિવાસસ્થાને ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું. ટંકારા પોલીસે મૃતકના પુત્ર સુરેશભાઈ હરજીભાઈ લિખિયા પાસેથી પ્રાથમિક વિગતો મેળવી અ.મોતની નોંધ કરી છે.

# મોરબીના બરવાળા ગામે કારખાનામાં શ્રમિકે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના બરવાળા ગામે આવેલ કારખાનામાં ૩૭ વર્ષીય શ્રમિકે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધા અંગેના બનાવ મામલે પોલીસે મરણ નોંધ કરી આગળની તપાસ શરૂ કરી છે. મોરબી તાલુકાના બરવાળા ગામ નજીક આવેલ રોયલ પોલીપ્લસ કારખાનામાં કામ કરતા રણજીત રાજનાથ પાસવાન ઉવ.૩૭એ કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યાના બનાવ મામલે મૃતકની ડેડબોડી અત્રેના સિવિલ હોસ્પિટલ ખાતે લાવતા જ્યાં ફરજ ઉપરના ડોક્ટરે બનાવ અંગે પોલીસને જાણ કરતા તાલુકા પોલીસે અ.મોત દાખલ કરી વધુ તપાસની તજવીજ હાથ ધરી છે.

# શાપર વેરાવળમાં પરણીતાને ફસાવી શખ્સે દુષ્કર્મ આચર્યુ

## ન્યુડ ફોટા વાયરલની ધમકી આપી ખંડણી પડાવી : શાપર પોલીસે શખ્સ સામે ગુનો નોંધી શોધખોળ આદરી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપર-વેરાવળમાં ૨૫ વર્ષીય પરિણીતાને પ્રેમજાળમાં ફસાવી અગાઉ પાડોશમાં રહેતા શખ્સે એકલતા નો લાભ લઈ ઘરમાં ઘૂસી દુષ્કર્મ આચર્યા બાદ ન્યુડ ફોટા,વિડીયો ઉતારી તેના પતિને વાયરલ કરવાની તેમજ પરીણીતાના બાળકને મારી નાખવાની ધમકી આપી ખંડણી રૂપે રૂ.૬૦ હજાર અને દાગીના પડાવી લીધા હોય અંતે કંટાળી પરીણીતાએ ફરીયાદ કરતા શાપર પોલીસે ગુનો નોધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ શાપરમાં એક વિસ્તારમાં રહેતા માવતરના ઘેર રિસામણે આવેલી રહેતી પરિણીતાને આજથી દસ માસ પૂર્વે અગાઉ પાડોશમાં રહેતા લાલા નામના શખ્સ સાથે પરિચય થયો હતો. આ પરિચય બાદમાં પ્રેમમાં પરિણમ્યો હતો. જોકે, આરોપી લાલાનો ઈરાદો માત્ર શોષણ કરવાનો જ હોય તેમ તેણે તક મળતા પરિણીતાના ઘરમાં ઘુસી તેની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યુ હતું. આટલેથી જ ન અટકતા, આરોપીએ પરિણીતા સાથેની અંગત પળોના વિડીયો ઉતારી લીધા હતા અને ત્યારબાદ આ વિડીયો વાયરલ કરી દેવાની ધમકી આપી અવારનવાર બળજબરીથી શરીર સંબંધ બાંધ્યો હતો.પિશાચી માનસ ધરાવતા આરોપીએ પરિણીતાને ડરાવી-ધમકાવી ખંડણી રૂપે તેની પાસેથી સોનાના કિંમતી દાગીના પણ પડાવી લીધા હતા. સતત માનસિક અને શારીરિક ત્રાસ તેમજ બ્લેકમેઈલિંગથી કંટાળી અંતે પરિણીતાએ હિંમત ભેગી કરી પોલીસનો સંપર્ક સાધ્યો હતો. આ મામલે પીઆઈ આરબી રાણા સહીતની ટીમે પરિણીતાની ફરિયાદ પરથી આરોપી લાલા વિરુદ્ધ દુષ્કર્મ, ખંડણી અને ધાક-ધમકી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે પોલીસે ફરાર આરોપીને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# અમિત જવેલર્સમાં કાંઈ નહી મળતા તોડફોડ કરી રૂપિયા ગણવાના બે મશીન ઉઠાવી જનાર ઝબ્બે

## રાજકોટની ટોળકીએ મોટો હાથ મારવા મુંબઈના ચોરને બોલાવ્યો, તોતિજોરી નહી તૂટતા સોની બજારની દુકાનમાં રહેલુ ૧૦૦ ગ્રામ સોનુ બચી ગયુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની સોની બજારમાં આવેલી અમિત જવેલર્સ નામની દુકાનના પાંચ તાળા તોડી તસ્કરો રૂપીયા ગણવાના બે મશીન ઉઠાવી ગયાના મામલે એડવીઝન પોલીસે ગુનો નોધી તપાસ કરતા તત્કરો ચોરી કરવા ઘૂસ્યા હતા પરંતુ કંઈ નહી મળતા દુકાનમાં તોડફોડ કરી મશીન ઉઠાવી ગયા હતા. અને સોની બજારમાં મોટો હાથ મારવા માટે એક તસ્કરને મુંબઈથી બોલાવ્યો હતો જેમા તિજોરી નહી તૂટતા ૧૦૦ ગ્રામ સોનુ બચી ગયું હતુ. પોલીસે સીસીટીવીમાં કેદ છ શખસોને ઉઠાવી લઈ વિશેષ પુછતાછ કરી છે.

બનાવ અંગે લીમડા ચોક નજીક ડિજીબી પેલેસ એપાર્ટમેન્ટમાં રહેતા અને સોની બઝારમાં મારૂતી પ્લાઝા કોમ્પલેક્ષમાં અમિત જવાલર્સ નામની દુકાન ચલાવતા મનિશભાઈ રમણભાઈ રાણપરા ની દુકાન સોમવારે રાત્રીના બંધ કરી ઘેર ગયા હતા તે દરમ્યાન સવારે તેની દુકાનમાં ચોરી થયાની જાણ થતા તેનો પુત્ર



જય દુકાને જઈને તપાસ કરતા દુકાનના તાળા તૂટેલી હાલતમાં હોય અને દુકાનના કેમેરામાં તૂટેલી હાલતમાં હોય દુકાનમાં પ્રવેશ કરી તપાસ કરતા રૂ.૫૦ હજારની કિંમતના બે રૂપીયા ગણવાના મશીનની ચોરી થયાનુ જાણવા મળતા ફરીયાદ કરી હતી. બનાવને પગલે પીઆઈ સહીતની ટીમે ગુનો નોધી તપાસ હાથ ધરી હતી.

એલસીબીના પીએસઆઈ ઝાલા, એડીવીઝન પોલીસ મથકના પીએસઆઈ રાણા સહીતની ટીમે સીસીટીવીમાં કેદ કોઠારીયા રોડ પર રહેતો મીલન દિનેશ ગોંડલીયા, તીરૂપતિ સોસાયટીમાં રહેતો ધવલ દિલીપ સુરેલા, મવડીમાં સ્પીડ વેલ પાર્ટી પ્લોટ પાસે હરવીલા એપાર્ટમેન્ટમાં રહેતો જયદીપ નરેશ કાકડીયા,કોઠારીયા રોડ પર હુડકો ચોકડી પાસે રાધેશ્યામ સોસાયટીમાં રહેતો ભાવીક કિરણ સીતાપરા, મુળ ચોટીલાના હરણીયાગામનો અને હાલ રામવન પાસે રહેતો રાકેશ બોરસનીયા તેમજ મુળ મુંબઈના અને હાલ પટેલનગરમાં રહેતો શુભમ સુભાષ સોનીને ઉઠાવી લઈ તેની આકરી પુછતાછ કરતા ચોરીનો ભેદ ઉકેલાયો હતો. પોલીસે ટોળકીની ધરપકડ કરી તેની પાસેથી ચોરાઉ બે મશીન,કાર સહીતની મતા કબજે કરી કાર્યવાહી કરી છે.

# વ્યાજખોરનો ત્રાસ : સરકારી કોન્ટ્રાક્ટરને ૨.૪૦ લાખ વ્યાજે આપી ૧૮.૫૦ લાખ વસૂલ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં સરકારી કોન્ટ્રાક્ટરે ૨.૪૦ લાખ રૂપિયા ૩% વ્યાજે લીધા બાદ ૧૮.૫૦ લાખ ચૂકવ્યા છતાં વ્યાજખોરનું પેટ ન ભરાયું હોય તે રીતે ટ્રેક્ટર પણ પડાવી લીધું ઉપર જતાં માર પણ માર્યો હોય હજુ પણ તેનો સિતમ ઘટવાનું નામ લઈ રહ્યો ન હોય આખરે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેની માહિતી મુજબ કાલાવડ રોડ પર ગુલાબવાટિકા શેરી નં.૪માં રહેતા અને સરકારી કોન્ટ્રાક્ટર તરીકે તરીકે કામ કરતા મોહનભાઈ ધરમશીભાઈ હાપલિયા (ઉ.વ.૫૪)એ માલવિયાનગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે ૨૦૨૩માં મહાપાલિકા દ્વારા રેલનગર સાધુ વાસવાણી કુંજ રોડ પર રોડની સાઈડમાં ઝાડ વાવવામાં આવ્યા હોય તેને પાણી પીવડાવવાનો કોન્ટ્રાક્ટ મેળવ્યો હતો. તેઓ જ્યારે સ્થળ પર જતા ત્યારે ચા-પાણી પીવા માટે માફક પાન નામની દુકાને જતાં હોય આ દુકાનના માલિક પ્રતિપાલસિંહ સજુભા ગોહિલ (રહે.રેલનગર) સાથે ઓળખાણ ૨ રોડની સાઈડમાં ફુલ-થઈ હતી. એ સમયે પ્રતિપાલસિંહે મોહનભાઈને કહ્યું હતું કે તેઓ ફાયનાન્સનો




વ્યવસાય કરે છે પૈસાની જરૂર હોય તો કહેજો. ૨૦૨૩ના એપ્રિલ મહિનામાં મોહનભાઈએ મજૂરોને પગાર ચૂકવવા માટે પ્રતિપાલસિંહ પાસેથી એક લાખ રૂપિયા રોકડા લીધા હતા જે એમ જ આપ્યા હતા. ૧૫ જૂને ફરી પૈસાની જરૂર પડતાં એક લાખ રૂપિયા ૩% વ્યાજે લીધા હતા. ૧૦ જૂલાઈએ ફરી પૈસાની જરૂર પડતાં ૮૦ હજાર રૂપિયા ૩% વ્યાજે લીધા હતા. ૫ સપ્ટેમ્બરે ૩% વ્યાજે વધુ એક લાખ રૂપિયા લઈ કુલ ૨.૮૦ લાખ રૂપિયા ૩% વ્યાજે લીધા હતા જેનું બે મહિના સુધી ૮૪૦૦ રૂપિયા વ્યાજ પણ ચૂકવ્યું હતું.

નવેમ્બર મહિનામાં પ્રતિપાલસિંહ ગોહિલે મોહનભાઈએ કોઠારિયા રોડ પર રાખેલી સાઈટ પર ધસી જઈને એક દિવસના ત્રણ હજાર અને મહિનાનું ૨.૪૦ લાખ વ્યાજ આપવું પડશે તેમ કહેતાં મોહનભાઈએ તાત્કાલિક ૨.૪૦ લાખ રૂપિયા આપ્યા હતા. ત્યારબાદ દર મહિને ૫૦,૦૦૦ રૂપિયા વ્યાજ આપવાનું કહેતા તે પણ ચૂકવ્યું હતું. આટલું ઓછું હોય તેમ પ્રતિપાલસિંહ મોહનભાઈનું ટ્રેક્ટર તેમજ ૧૮.૫૦ લાખ રૂપિયા વસૂલી લીધા છતાં વધુ પૈસાની માંગ કરી અમીન માર્ગ પર પીરામીડ ટાવર નજીક માર પણ માર્યો હતો.

આ પછી પ્રતિપાલસિંહ સાથે મોહનભાઈના ભાઈ કે જેઓ અગાઉ મહાપાલિકાની ગાર્ડન શાખામાં સુપ્રિન્ટેન્ડેન્ટ તરીકે ફરજ બજાવી ચૂક્યા હોય તેમની સાથે પણ ફોન ઉપર અસભ્ય વર્તન કર્યું હતું. ગત ૧૮ ડિઈમ્બર-૨૦૨૫ના પ્રતિપાલસિંહે મોહનભાઈના ઘેર ધસી જઈ દરવાજે પાટા પણ માર્યા હતા અને જો પૈસા નહીં આપે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# અવધના ઢાળ પાસે વીર સાવરકર આવાસ યોજનાના પાર્કિંગમાં નજીવી બાબતે મારામારી

### તું કેમ મારી સામે જોવે છે ? કહી યુવાનને ધોકાથી ફટકાર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવડ રોડ પર અવધના ઢાળ પાસે આવેલી વીર સાવરકર આવાસ યોજનાના પાર્કિંગમાં નજીવી બાબતે મારામારીની ઘટના બની હતી.ફરિયાદી દિનેશભાઈ જશાભાઈ ચૌહાણ (ઉં.વ.૪૨), જેઓ વ્યવસાયે મજૂર છે. તેઓ જ્યારે પોતાના કામેથી ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે આરોપી રાકેશ ચૌહાણના ભાઈએ તું કેમ મારી સામે જુએ છે? તેમ કહી ઝઘડો શરૂ કર્યો હતો.દિનેશભાઈએ વળતો જવાબ આપતા આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળાગાળી કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગેની વિગતો મુજબ, આરોપી રાકેશના ભાઈએ તેની પાસે રહેલા લાકડાના ધોકા વડે ફરિયાદીના માથાના ઉપરના ભાગે એક ઘા મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. આ ઉપરાંત, તેણે ફરિયાદીના બંને પગ પર પણ સખત માર માર્યો હતો. તે જ સમયે આરોપી રાકેશનો સાળો પણ ત્યાં આવી પહોંચ્યો હતો અને તેણે પણ દિનેશભાઈ સાથે બોલાચાલી કરી શરીરે ઢીકાપાટુનો માર માર્યો હતો. આ હુમલામાં દિનેશભાઈને માથાના ભાગે ત્રણ જેટલા ટાંકા આવ્યા છે અને શરીરે મુંઢ ઈજાઓ થતા તેઓને સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખસેડવામા આવ્યા છે.



આ ઘટના સંદર્ભે ગાંધીગ્રામ-૨ પોલીસ મથકે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો જેવી કે ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૩), ૩(૫) તેમજ જી.પી. એક્ટની કલમ ૧૩૫ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે બંને અજાણ્યા આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ કેસની તપાસ હાલ હેડ કોન્સ્ટેબલ યુવરાજસિંહ મહેન્દ્રસિંહ જાડેજા ચલાવી રહ્યા છે. જાહેરનામાના ભંગ બદલ પણ આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

# દુષ્કર્મ અને પોક્સોના ગુનામાં પેરોલ જમ્પ ફરાર કેદી ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેર પોલીસ દ્વારા જેલમાંથી ફરાર કેદીઓને પકડવા માટે ચલાવવામાં આવી રહેલી ઝુંબેશ અંતર્ગત પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમે થોરાળા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા દુષ્કર્મ અને પોક્સો એક્ટના ગંભીર ગુનામાં આજીવન કેદની સજા ભોગવી રહેલો અને છેલ્લા બે વર્ષથી પેરોલ જમ્પ કરી ફરાર થયેલો કેદી સંજય પુંજાભાઈ બારૈયાને ઝડપી લીધો હતો. પેરોલ ફર્લો સ્ક્વોડના પોલીસ ઇન્સ્પેકટર ભાર્ગવસિંહ એમ. ઝણકાટના માર્ગદર્શન હેઠળ ટીમ ફરાર આરોપીને પકડવા કાર્યરત હતી ત્યારે તપાસ દરમિયાન હ્યુમન ઇન્ટેલિજન્સ અને ટેકનિકલ એનાલીસીસના આધારે પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, ૨૦૨૨ના વર્ષના દુષ્કર્મ અને અપહરણના ગુનામાં આજીવન કેદની સજા પામેલો કેદી સંજય બારૈયા અમદાવાદ વિસ્તારમાં છુપાયેલો છે. આ કેદી તા. ૦૨/૧૦/૨૦૨૪ થી પેરોલ રજા પર છૂટયા બાદ પરત જેલમાં હાજર થયો ન હતો અને ફરાર થઈ ગયો હતો. બાતમીના આધારે પોલીસે અમદાવાદ-બાવળા હાઈવે રોડ પર આવેલા નવાપુરા ગામના પાઈપ ઝોન વિસ્તારમાં દરોડો પાડીને ૨૧ વર્ષીય સંજય પુંજાભાઈ બારૈયાને ઝડપી પાડયો હતો. પકડાયેલ આરોપી મૂળ મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકાના નવા મુવાળા ગામનો વતની છે અને હાલ અમદાવાદના નારોલ વિસ્તારમાં રહેતો હતો. પકડાયેલા કેદીને કાયદેસરની કાર્યવાહી કરી રાજકોટ મધ્યસ્થ જેલને સોંપવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી પી.આઈ. ભાર્ગવસિંહ ઝણકાટ, પી.એસ.આઈ. જે.જી. તેરૈયા, એ.એસ.આઈ. ઝહીરભાઈ ખફીફ, ધર્મેન્દ્રસિંહ ઝાલા તથા હેડ કોન્સ્ટેબલ સીરાજભાઈ, રોહિતભાઈ સહિતના સ્ટાફે કરી હતી.

# બહેનના લગ્નની કંકોત્રી આપવા જતા ભાઇનું સરધાર નજીક અકસ્માતમાં મોત

## કૂતરું આડુ ઉતરતા બાઇક સ્લિપ થયુંઃ ગંભીર ઇજા થતાં મોત, પરિવારમાં ગમગીની

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં રૈયાધારમાં રહેતો સાવન તેમના કાકાના દીકરા નમન સાથે કંકોત્રી આપવા સરધાર જતો હતો ત્યારે લાખાપર ગામે શ્વાન આડું ઉતરતા બાઈક સ્લીપ થતા માથામાં ઈજા થતાં સાવશું મોત થયુ હતું

આ અંગેની મળતી માહિતી રાજકોટના રૈયાધાર પાસે શીતલ પાર્ક નજીક રહેતા સાવનભાઈ અશોકભાઈ આમેણીયા (ઉં.૧૭) ગત. તા.૧૦ ફેબ્રુઆરીએ પોતાના બહેન પાયલના લગ્નની કંકોત્રી આપવા માટે પોતાના સગા સંબંધીને કંકોત્રી આપવા પોતાના કાકાના દીકરા નમન અજયભાઈ આમેણીયા (ઉ.૧૮) સાથે બાઈક પર નીકળ્યો હતો. બાઈક નમન ચલાવતો હતો



અને સાવન પાછળ બેઠો હતો. દરમ્યાન લાખાપર અને સમઢીયાળા વચ્ચે સ્પીડ બ્રેકર પાસે જ કૂતરું બાઈક આડું ઉતર્યું હતું. ચાલક નમને બાઈક પરથી કાબુ ગુમાવ્યો હતો. બાઈક સ્લીપ થયું હતું અને બંને પિતરાઈ રોડ પર ફસડાઈ પડયા હતા. બંનેને ઈજા થતા તત્કાલ ૧૦૮ મારફતે રાજકોટની મધુરમ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં નમનને ગંભીર ઈજા નહોતી એટલે સારવાર બાદ રજા અપાઈ હતી.

જ્યારે સાવનને માથામાં ઈજા હોવાથી સર્જરી ઓપરેશન કરાયું હતું. જે ઓછી તેની તબિયત બગડતી ગઈ હતી અને તેમનું મોત નીપજ્યું હતું. સાવન ૨ ભાઈ અને ૧ બહેન નાનો હતો. લગ્ન પ્રસંગ વખતે જ આવો બનાવ બનતા ખુશીનો માહોલ ગમગીનીમાં ફેરવાઈ ગયો હતો. આશાસ્પદ પુત્રના મોતથી પરિવારમાં શોક છ્વાયો હતો.

# બામણબોર ચેક પોસ્ટ પર કટલેરીના ધંધાર્થી પાસેથી વિદેશી દારૂ મળ્યો

### ગોવાથી કટલેરીની ખરીદી કરી પરત ફરતા દારૂ પણ લાવ્યો હતો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રેલનગર વિસ્તારમાં રહેતો કટલેરીનો ધંધાર્થી ગોવા કટલેરીની ખરીદી કરવા ગયો હતો અને સાથે દારૂ લઈને પરત આવતાં પોલીસની ઝપટે ચડી ગયો હતો. કુવાડવા હાઈ-વે પર બામણબોર ચેક પોસ્ટ પાસેથી પોલીસે ૫૩ હજારના ૧૯૨ દારૂના ચપલા સાથે તેની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

જાણવા મળતી વિગતો મુજબ, ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ આર.કે. ગોહિલની રાહબરી હેઠળ એએસઆઈ વિજયરાજસિંહ જાડેજા, રણજીતસિંહ પઢારીયા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો.દરમિયાન હેડ કોન્સ.તુલસીભાઈ ચુડાસમા અને કોન્સ્ટેબલ સંજયભાઈ ખાખરીયાને મળેલી બાતમીના આધારે રાજકોટ અમદાવાદ હાઈવે પર બામણબોર ચેકપોસ્ટ નજીક ખાનગી બસમાંથી ઉતરેલા એક શખસને પોલીસે શંકાસ્પદ હાલતમાં ઝડપી લીધો હતો. આ શખસની પૂછ્તાછ કરતા તેણે પોતાનું નામ સુરેશ પ્રહલાદભાઈ અમરાણી (ઉ.વ. ૪૪ રહે. આર.કે. સોસાયટી શેરી નંબર ૨, રેલનગર આસ્થા ચોકડી આગળ, રાજકોટ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે આ શખસ પાસે રહેલી ટ્રોલી બેગમાં તપાસ કરતા તેમાંથી રૂપિયા ૫૨,૮૦૦ ની કિંમતના ૧૯૨ દારૂના ચપલા મળી આવ્યા હતા. જેથી પોલીસે દારૂના આ ચપલા અને મોબાઈલ ફોન સહિત કુલ રૂપિયા ૫૭,૮૦૦ નો મુદ્દામાલ કબજે કરી આ શખસ વિરૂધ્ધ પ્રોહિબિશન એક્ટની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.

# કુવાડવા રોડ પર ડીમાર્ટ સામે બે શખ્સોનો એકબીજા પર પેટ્રોલ છાંટી સળગવાનો પ્રયાસ

### પૈસાની ઉઘરાણીમાં બાબતે થયેલા ઝઘડાએ મોટું સ્વરૂપ ધારણ કર્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કુવાડવા રોડ પર આવેલ ડીમાર્ટ સામે પૈસાની ઉઘરાણી બાબતે થયેલા ઝઘડાએ મોટું સ્વરૂપ ધારણ કર્યું હતું. પેટ્રોલ છાંટી આગ લગાવવાનો પ્રયાસ થયો હતો.

રાજકોટના મોરબી રોડ પર ફિલ્ડમાર્શલની વાડી નજીક સંગીતા સોસાયટી-૨ માં રહેતા ૩૦ વર્ષીય સુનિલભાઈ પ્રવીણભાઈ અને કોઠારીયા વિસ્તારમાં રહેતા ૨૨ વર્ષીય જયદીપ દિનેશભાઈ વચ્ચે સાંજના ૬૦૦ વાગ્યાના અરસામાં ફર્નિચરના એક શો રૂમમાં ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ વિવાદ એટલો વકર્યો હતો કે સુનિલભાઈએ



ઉશ્કેરાઈ જઈને પોતાના શરીર પર પેટ્રોલ છાંટ્યું હતું અને સાથે જ સામે ઉભેલા જયદીપ પર પણ પેટ્રોલ ફેંકી આગ ચાંપી દેવાનો પ્રયાસ કર્યો હતો.

બંને યુવકો શરીરના ભાગે સામાન્ય દાઝી ગયા હતા.જેના કારણે તેઓને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. બનાવની વિગતો મુજબ, જયારે સુનિલ ગોંડલ હતો ત્યારે જયદીપે તેને ફોન કરીને બોલાવ્યો હતો અને ત્યારબાદ બંનેની મુલાકાત દરમિયાન આ કાંડ સર્જાયો હતો.

સદનસીબે બંનેની ઈજાઓ ગંભીર ન હોવાથી પ્રાથમિક સારવાર બાદ હોસ્પિટલમાંથી તેઓને રજા આપી દેવામાં આવી હતી.

# બે’દિ પછી યાર્ડ ખુલતા ચણાની ૭૫ હજાર મણની જંગી આવક





■ યાર્ડ પાસે વિવિધ જણસી ભરેલા ૧૧૫૦થી વધુ વાહનોની કતારો લાગી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

માર્ચ એન્ડીંગના કારણે રાજકોટ યાર્ડ બે’દિ બંધ રહયા બાદ આજે ખુલતાની સાથે જ ચણાની ૭૫ હજાર મણની જંગી આવક થઇ હતી. વિવિધ જણસી ભરેલા ૧૧૫૦થી વધુ વાહનોની યાર્ડ પાસે લાંબી કતારો લાગી હતી. યાર્ડમાં આજે ચણા ઉપરાંત જીરૂની ૭૬૦૦ મણ, મગફળી ૨૭૦૦ મણ, લસણ ૭૦૦૦ મણ, રાયડો ૧૦,૨૦૦ મણ, વટાણા ૬૩૦૦ મણ, કપાસ ૩૧૦૦ મણ, સીંગફાળા ૩૬૦૦ મણ તથા સફેદ તલની ૩૫૦૦ મણની આવક થઇ હતી.

યાર્ડના ચેરમેન જયેશભાઇ બોઘરા, વાઇસ ચેરમેન, ડીરેકટરો તથા સ્ટાફ દ્વારા ઉતરાઇની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# રાજકોટ ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવાના સમર્થનમાં રેલી નિકળી






તસવીર : ગૌરવ લશ્કરી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં કથીત પત્રકાર યુવાનને મારમારવાના આક્ષેપ સાથે ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા વિરૂધ્ધ ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ ગૃહમંત્રી, મુખ્યમંત્રીને પત્ર લખી કરાયેલી રજૂઆતના વિરોધમાં આજે પોલીસ સમન્વય પરિવાર દ્વારા ડીસીપી બાંગરવાના સમર્થનમાં રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં રાજકોટની જાહેર જનતા પણ જોડાઇ હતી. રેલી રેસકોર્સ પાસે બહુમાળી ચોકથી શરૂ કરી મોટી સંખ્યામાં લોકો કમિશનર કચેરીએ પહોંચ્યા હતા.